sAva

Saurashtra Voluntary Actions

સૌરાષ્ટ્ર વૉલન્ટરી એક્શન્સ (સાવા)



# પક્રિયા અને પ્રગતિનો દસ્તાવેજ

## વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૮







# Spreading spirit of volunteerism for affirmative actions to address common cause.

અમે આભારી છીએ,
અમે અમારી વિકાસયાત્રામા સહભાગી બનવા માટે નીચેની સંસ્થાઓ અને સરકારી વિભાગોના આભારી છીએ જેઓએ અજાણ્યા મુકામ સુધીની અમારી યાત્રા દરમ્યાન અમારા પર વિશ્વાસ મૂકયો.

**IGSSS**

IDE

AFPRO

# સાવા – એક નજરે

## પરમ લક્ષ્ય

સ્થાનિક કુદરતી સાધનોનો વિકાસ કરી, જાહેર સાધનો પર લોકોની પહોંચ અને દેખરેખ વધારી તેમ જ લોકોના પોતિકા સાધનોને સામૂહીક વિકાસના કામમાં જોતરી ટકાઉ ગ્રામ્ય વિકાસ હાંસલ કરવો.

### લાંબાગાળાની વ્યૂહરચના

સ્થાનિક ગરીબી અને પછાતપણાના નિવારણ માટે લોક આધારિત પહેલો શરૂ કરાવવી અને તેને મજબૂત કરવી.

આર્થિક,સામાજીક અને સાંસ્કૃતિક પરિવર્તન લાવવા લોકકેન્દ્રીત સંસ્થાઓ ઊભી કરી લોકશાહી પક્રિયા વેગવાન બનાવીને સ્થાનિક સંસાધનો પર લોકોની પકડ મજબૂત કરવી.

સ્થાનિક સ્તરે સમાજમાં લોકોની આવક, ઉત્પાદન અને રોજગારીમા કાયમી વધારા માટે કુદરતી તેમ જ અન્ય સંસાધનોનો ટકાઉ વિકાસ કરવો.

## મુખ્ય પહેલો

### કુદરતી સંસાધન વિકાસઃ

પ્રયાસો
- જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ
- રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન
- જળ સંરક્ષણ
- સામૂહીક જમીન વિષયક અભ્યાસ
- ખેત તલાવડી નિર્માણ
- કુવા રીચાર્જ

### આજીવિકા નિર્માણ :

પ્રયાસો
- મહિલાઓ દ્વરા વન્યપેદાશોનું વેચાણ
- સજીવ ખેતી
- લિફ્ટ ઈરીગેશન
- ગ્રામીણ ઉદ્યમિતા વિકાસ તાલીમ
- મહીલા આજીવિકા પુનઃસ્થાપન

### આફતો સામે સજ્જતા :

પ્રયાસો
- વોટરશેડ પ્લસ
- સ્વાશ્રયી જૂથ રચના અને જોડાણ
- જીવન સંસ્થા ક્ષમતાવર્ધન સહયોગ
- શાળાઓ માટે કમ્પ્યુટર સહાય
- જીલ્લા તાલીમ કેન્દ્ર
- સખી મંડળ
- સંસાધન વિકાસના લોકપ્રયાસોનુ મજબૂતીકરણ
- આદર્શ ગ્રામ કાર્યક્રમ
- પાણી ગુણવત્તા ચકાસણી તાલીમ
- પાણી સમિતિની રચના
- સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાની રચનામા સહયોગ
- કડિયા તાલીમ
- જળસ્ત્રોતોનુપુનઃ સ્થાપન
- આફત સામે પૂર્વતૈયારી અને પ્રતિકાર
- આફત સામે સામુદાયિક ક્ષમતાવર્ધન
- મહિલા અને બાળ આરોગ્ય વિકાસ

### સ્થાનિક નેતૃત્વ વિકાસ :

પ્રયાસો
- સસ્તા આવાસ નિર્માણ
- સમુદાય આધારીત પુર્નવસન
- પેયજળ અને સ્વચ્છતા કાર્યક્રમ
- જળસંગ્રહ માટે ભુર્ગભ ટાંકા
- સ્વચ્છતા હિમાયત અને તાલીમ (સ્વહીત)
- સેકટર રીફોર્મ યોજના
- વર્ષા વિમા અભિયાન
- દુષ્કાળ નિવારણ કાર્યક્રમ
- વિરડા કાર્યક્રમ
- કુદરતી આફત સામે પુર્વતૈયારી
- સંકલિત પુનઃ સ્થાપન કાર્યક્રમ

સોરાષ્ટ્ર વોલન્ટરી એકશન્સ (સાવા)

એક દાયકાથી ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર વિસ્તારમા ગરીબી અને પછાતપણાંના પ્રશ્નોના નિવારણ માટે લાંબાગાળાના સ્થાયી ઉકેલો શોધવા માટે આ સંસ્થા કાર્યરત છે. આ દસ્તાવેજમા સાવા સંસ્થાએ ૨૦૦૧ થી ૨૦૦૫ દરમ્યાન કરેલી કામગીરીની વિગતો આપવામાં આવી છે. વધુમા આ દસ્તાવેજ સાવાએ વિવિધ ક્ષેત્રમા કરેલ કામગીરી, તેની વ્યૂહરચના,અભિગમ,અનુભવો, નવતર પ્રયાસો અને તેની અસરોનું આલેખન પણ કરે છે.

સાવાએ તેના કાર્યમા સ્થાનિક નેતાગીરીનો વિકાસ અને તેના ક્ષમતાવર્ધનનો અભિગમ અપનાવેલ છે જે તેની લોકકેન્દ્રીત સંસ્થાઓ અને વ્યવસ્થાઓ ઊભી કરવાની વિચારધારાને પ્રતિબિંબિત કરે છે. ગામોના વિકાસ માટે કુદરતીસંસાધનોનો વિકાસ, લોકોના પોતીકા સાધનોનું સામુહિક વિકાસની પ્રકિયામા જોડાણ અને જાહેર સંસાધનો પર લોકોની પહોંચ વધારતી લોકકેન્દ્રીત સંસ્થાઓનું ક્ષમતાવર્ધન કરવામા આવે છે. સાવા આ પ્રકિયા હાથ ધરવા મંચ પુરો પાડે છે અને સ્થાનિક સ્તરે સ્વાયત્ત માળખાઓ રચવા તક ઊભી કરે છે. સંસ્થાએ આવા કેટલાક સ્થાનિક માળખાં સફળતાપૂર્વક ઊભા કરેલ છે.

## કાર્યવિસ્તાર

સાવાએ તેની કામગીરીની શરૂઆત ઈ.સ. ૧૯૯૫મા જામનગર જિલ્લાના ત્રણ તાલુકાથી કરી. ઈ.સ. ૨૦૦૨મા સાવાએ તેની લાંબાગાળાની દ્રષ્ટી અંગેની કાર્યશાળાના તારણોના આધારે જામનગર જિલ્લાના અન્ય તાલુકાઓ અને પોરબંદર જિલ્લામા પોતાના કાર્યોનો વિસ્તાર કર્યો. આ પ્રકારે પ્રવૃતિઓ વિસ્તર્યા બાદ સંસ્થા હાલ જામનગર જિલ્લાના ચાર અને પોરબંદર જિલ્લાના તમામ તાલુકાઓમા કાર્યરત છે.




## કાર્યના મુદ્દાઓ

સાવાએ શરૂઆતથી તેના ધ્યેયની પૂર્તિ માટે પોતાના કાર્યમા કુદરતી સંસાધન વિકાસ અને સ્થાનિક નેતાગીરીના વિકાસનો સમાવેશ કર્યો હતો. પરંતુ ૧૯૯૮ના વાવાઝોડા અને ૨૦૦૧ના ભૂકંપ પછી સંસ્થાની કામગીરીમા આફતો સામે પૂર્વ તૈયારી અને આજીવિકા વિકાસના નવા ક્ષેત્રો ઉમેરવામા આવેલ છે. તેથી હાલ સાવા નીચે મુજબના ચાર મુદ્દાઓ પર કામ કરે છે.

૧) કુદરતી સંસાધન વિકાસ
૨) સ્થાનિક નેતાગીરીનો વિકાસ
૩) આફતના સંભવિત જોખમો સામે પૂર્વતૈયારી
૪) આજીવિકા સર્જન






વિષય : કુદરતી સંસાધન વિકાસ



સૌરાષ્ટ્ર વિસ્તારની ભૌગોલિક લાક્ષણિકતાઓમા ઓછો અને અનિયમિત વરસાદ, મીઠા પાણીના મોટા અને બારમાસી જળાશયોનો અભાવ, અસમતલ ભૂપૃષ્ઠ અને ખડકાળ જમીન વિસ્તાર છે. આ પ્રકારની ભૌગોલિક અને ભૌતિક પરિસ્થિતિમા મીઠા પાણી ઓછા ઉપલબ્ધ રહે છે જે વાસ્તવમા આ વિસ્તારનાં મુખ્ય આજીવિકાના સ્ત્રોત એવા ખેતી અને પશુપાલન માટે કરોડરજ્જું સમાન છે. આથી કુદરતી સ્ત્રોતોનું વ્યવસ્થાપન અને વિકાસ એ સાવાની શરૂઆતના વર્ષોથી પ્રાથમિકતા રહી છે. જળસ્ત્રાવ વિસ્તાર વિકાસને આ વિસ્તારના જળ, જમીન અને વાનસ્પતિક સ્ત્રોતોના ટકાઉ વિકાસ માટેની વ્યૂહરચના તરીકે સંસ્થાએ અપનાવેલ છે. સંસ્થાએ આ પ્રકારના કાર્યક્રમો માટે રાજય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓનો સહયોગ કરી જામનગર જિલ્લાના ભાણવડ, ખંભાળીયા, કલ્યાણપુર અને લાલપુર તાલુકાના કેટલાક ગામોમા કામગીરી કરેલ છે.

## પ્રયાસોઃ

૧. જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ

૧.૧ જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ થકી સંગઠન રચના ( ઈન્ડો જર્મન સોશ્યલ સર્વિસ સોસાયટી)

ઈ.સ. ૧૯૯૭થી ૨૦૦૦ દરમ્યાન ઈન્ડો જર્મન સોશ્યલ સર્વિસ સોસાયટી, પુનાની મદદથી આ કાર્યક્રમને કલ્યાણપુર તાલુકાના દરિયાકાંઠાના ગામોમા અમલમા મૂકવામા આવ્યો હતો. આ કાર્યક્રમના અમલ દરમ્યાન નીચેના ભૌતિક લક્ષ્યાંકો સિદ્ધ કરવામા આવેલ છે.

| પ્રવૃત્તિ | ગામ | ભૌતિક કામો | આવરી લેવાએલ કુટુંબ |
|---|---|---|---|
| જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ | ૪ | સિંચાઈ તળાવોનું સમારકામ – ૧ પીવાના પાણીના ટાંકા– ૨ અનુશ્રવણ તળાવ – ૨ ચેક ડેમ – ૮ કૂવાનું સમારકામ – ૨ | ૮૫૦ |

૧.૨. સમુદાય આધારિત પર્યાવરણીય સંસાધન વ્યવસ્થાપન (ભિચહ)

આગાખાન ફાઉન્ડેશન (ભારત) ના સહયોગથી સમુદાય આધારિત પર્યાવરણીય સંસાધન વ્યવસ્થાપન (ભિચહ) કાર્યક્રમનો અમલ ૧૯૯૮થી ૨૦૦૨ દરમ્યાન કરવામા આવ્યો. નાણાંકીય સ્ત્રોતોને ધ્યાનમા રાખીએ તો આ સાવા દ્વારા અમલમા આવેલ મોટામા મોટો કાર્યક્રમ હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ લોક સંગઠનોની રચના કરી તેના દ્વારાગ્રામ સ્તરે કુદરતી સંસાધનોનો વિકાસ કરવાનો હતો. આ કાર્યક્રમે સાવાને ધરાતલ પરની વાસ્તવિકતા સાથે જોડી તેને ગ્રામ સ્તરના પ્રશ્નો સમજવા, તેના ઉકેલની વ્યૂહરચના ઘડવા અને કુદરતી સંસાધન વ્યવસ્થાપન બાબતનીતાંત્રિક ક્ષમતાઓ વિકસાવવામા મદદ કરી. સાવાનો સજીવ ખેતી અંગેનો પ્રયાસ પણ આ કાર્યક્રમના ભાગ રૂપે જ શરૂ થયો અને વિકાસ પામ્યો.

| પ્રવૃત્તિ | ગામ | ભૌતિક કામો | આવરી લેવાએલ કુટુંબ |
|---|---|---|---|
| જળ સંસાધન વિકાસ | ૧૭ | ૫૨ – ચેક ડેમ ૭૬૦ – ખેતરના કાઢીયા ૯ – નાળા પ્લગ ૨ – ખેત તલાવડીઓ ૯ – ગૌચર વિકાસ ૩ – કુવા રીચાર્જ | ૧૮૫૫ |

DRDA

| પ્રવૃત્તિ | ગામ | ભૌતિક કામો | આવરી લેવાએલ કુટુંબ |
|---|---|---|---|
| જળ સ્ત્રાવ વિસ્તાર વિકાસ | ૨૫ | ૨૨૭ – ચેક ડેમ ૧૯૧ – અનુશ્રવણ તળાવ ૨૬ – નાળા પ્લગ ૪૭૩ – ખેતરના કાઢીયા ૧૩ – ગૌચર વિકાસ ૬૩ – બોરી બંધ ૮૦ – ખેત તલાવડી | ૧૬૯૪૩ |

જળ અને જમીન સંરક્ષણ પ્રવૃતિ કરવા સિવાય સંસ્થાએ ગ્રામ્ય કાર્યકરોની તાલીમો કરીને ગ્રામસ્તરે સક્ષમ નેતૃત્વ તૈયાર કરવા પ્રયત્નો કર્યા છે. આ સિવાય કાર્યક્રમની માર્ગદર્શિકા અનુસાર દરેક ગામમા સામુદાયિક સંગઠનો જેવા કે ઉપભોકતા જૂથ, સ્વાશ્રયી જૂથ, જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ સમિતિ અને જળ સ્ત્રાવ એસોસીએશન રચવામા આવેલ છે.

૨. રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન :
આ કાર્યની શરૂઆત વન અને પર્યાવરણ મંત્રાલયે (ભારત સરકાર) પર્યાવરણ અંગેની જાગૃતિ ઊભી કરવા માટેના મોડેલ તરીકે કરેલ છે. આ પ્રોજેકટને એક ઝુંબેશનું સ્વરૂપ આપવામા આવેલ છે અને તેના દ્વારા કોઈ ચોકકસ વિષય પર સંવેદના ઊભી કરીને પર્યાવરણ માટે જાગૃતિ આણવાના પ્રયત્નો કરવા મા આવે છે. અત્યાર સુધી આ પ્રોજેકટ અંતર્ગત સંસ્થા ારા નીચેના વિષયો આવરી લેવામા આવ્યા છે.

(૧) પર્યાવરણને સ્વચ્છ અને હરિયાળું રાખો
(૨) જળ એજ જીવન
(૩) સમુદાય આધારીત ઘનકચરાનું પુનઃવ્યવસ્થાપન
(૪) ઘનકચરાનું પુનઃવ્યવસ્થાપન

૩. જળ સંરક્ષણ
કાપાર્ટ પુરસ્કૃત આ કાર્યક્રમનો અમલ ભાણવડ તાલુકાના સણખલા ગામે કરવામા આવ્યો. આ કાર્યક્રમના પ્રથમ વર્ષ દરમ્યાન ગામમા પીવાના પાણીને લ ગતી "એન્ટ્રી પોઈન્ટ"ની કામગીરી કરવામા આવી. આ કાર્યક્રમને આગળ વધારવા માટે એક સંપૂર્ણ દરખાસ્ત તૈયાર કરીને નાણાં સહાય માટે કાપાર્ટ, નવી દિલ્હીને મોકલવામા આવી છે.

૪. સામૂહિક જમીનો વિષયક અભ્યાસઃ
ગામમા રહેલ સામૂહિક જમીનોની ભૌતિક અને સામાજિક સ્થિતિ જાણવા માટેનો એક અભ્યાસ સંસ્થા દ્વારા કરાવવામા આવ્યો હતો. શ્રી પ્રમોદસિંહ નામ ના જવાહરલાલ નહેરૂ વિશ્વવિદ્યાલયના ડોકટરેટના વિધાર્થીએ ૨૬ ગામોની સામૂહિક જમીનો અંગેનો અભ્યાસ કરીને તેની ઉપયોગિતા વધારવા માટે નીચે ના સૂચનો કર્યા છે.

(અ) જમીનો સુધારણાના કામો હાથ ધરી તેને વાવેતર હેઠળ લાવવી
(બ) ચેક ડેમ, ખેત તલાવડીઓ, અનુશ્રવણ તળાવ જેવા જળ સરંક્ષણના કામો અને હાલના કૂવાઓને ઊંડા કરીને સિંચાઈના સ્ત્રોતોનો વિકાસ કરવો.
(ક) ઘાસચારાના પાકોના વાવેતરને પ્રોત્સાહન આપવુ.
(ડ) કાંટાળી વાડ અને અન્ય રક્ષણના ઉપાયો કરવા.



૫. ખેત તલાવડીઓનુ બાંધકામ :
જામનગર અને પોરબંદર જિલ્લાઓ લાંબો દરિયાકીનારો ધરાવે છે. આ કાંઠાના ગામોમા ખેતીમાં ભૂર્ગભજળના સ્ત્રોતોના વપરાશનું પ્રમાણ વધ્યું છે. આથ ી વૈકલ્પિક અને ટકાઉ સિંચાઈના સ્ત્રોત ઊભા કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આ કારણથી ખેત તલાવડીઓ નિર્માણના કામની શરૂઆત ખેડૂતોને ખારા શ હટાવવા અને દુષ્કાળના સમયમા વૈકલ્પિક પાણીનો સ્ત્રોત પૂરો પાડવા માટે કરવામા આવી હતી. આ કાર્યક્રમ શરૂઆતમા સહાય અને લોકફાળા આધા રીત હતો પણ આગળ જતા તે પુર્ણ ધિરાણ આધારિત બન્યો અને એક ટકાઉ નાણાકીય મોડેલ તરીકે ઉભર્યો. શરૂઆતના તબકકામા અનુદાન આધારીત મો ડેલની સફળતા પછી સાવા અને ગામ આગેવાનોએ ખેત તલાવડીઓ બનાવવા માટે સરળ ધિરાણની વ્યવસ્થા ઊભી કરી. ખેડૂતોએ પણ આ નવા વિચારને અપનાવ્યો. આ નવી વ્યવસ્થામા અનુદાન મારફત અમૂક જ ખેડૂતને લાભ આપવાની જગ્યાઓ એવી ખુલ્લી ધિરાણ વ્યવસ્થા હતી કે જેમા વાર્ષિક હપ્તા ભરવાની બાંહેધરીથી દરેક ખેડુતને આ યોજનાનો લાભ મળતો હતો. આ પ્રમાણે વિવિધ સ્ત્રોતોમાંથી નાણાં સહાય મેળવીને કલ્યાણપુર તાલુકાના ૪ ગામો મા કુલ ૭૫ ખેત તલાવડીઓ બનેલ છે અને હાલ નવી બની રહેલ છે.

લાભાર્થી ખેડૂતોની પસંદગી
ગ્રામવિકાસ મંડળે ખેતતલાવડીઓના લાભાર્થીઓની પસંદગી કરવા માટે અનોખી પધ્ધતિ વાપરી. ગામમાથી આશરે ૭થી ૮ આગેવાનો પાસે એવા વ્યકિ તઓની યાદી માંગવામાં આવી જેને તેઓ આ કાર્યક્રમના લાભાર્થી તરીકે યોગ્ય માનતા હોય. આ યાદીઓમા સામાન્ય જણાતા નામો અલગ તારવવામા આવ્યા. ત્યાર પછી નકકી કરવામા આવ્યુંકે યાદીમા પ્રથમ ૧૦ સભ્યોને ગ્રામવિકાસ મંડળ પ્રથમ વર્ષે તક આપશે. જયારે બાકીના સભ્યોને એ પછીના ૫ વર્ષોમા આવરી લેવામા આવશે. આ કાર્યક્રમના અત્યાર સુધીના લાભાર્થી ખેડૂતો એવો અભિપ્રાય આપી રહયા છે કે ખેત તલાવડીથી કટોકટીના સમયમા પાકરક્ષક સિંચાઈ આપાવાથી પાક ઉત્પાદનમા ૫૦થી ૧૦૦% નો વધારો થયો છે.

૬. કુવા રીચાર્જ
આ નાબાર્ડ સહાયિત ભૂગર્ભ જળના સ્તરને ઊંચુ લાવવાનો નવતર પ્રયાસ છે. આ અંતંગત ૧૦ ગામોમા જાગૃતિ વિષયક કાર્યક્રમો માટે જિલ્લા ગ્રામ વિકા સ એજન્સી, પોરબંદર અને સી.એસ.પી.સી.,અમદાવાદનો સહકાર મળેલ છે. આ કાર્યક્રમ દરમ્યાન કૂવા રીચાર્જની સુધારેલી ડિઝાઈન, લાભાર્થીઓ પસંદ કરવાની યોગ્ય પધ્ધતિ, લોકફાળાના એકત્રીકરણ અને લોકજાગૃતિ ઊભી કરવા માટેના કામોનું નિદર્શન કરવામા આવશે. હાલ આ કાર્યક્રમનું અમલીકર ણ ચાલુ છે.





વિષય : આફત સામે પુર્વ તૈયારી

સાવાના કાર્ય વિસ્તાર એવા પોરબંદર અને જામનગર જિલ્લાનો સમાવેશ ગુજરાત રાજયના વિવિધ આફતોની શકયતા ધરાવતા પ્રદેશોમા થાય છે. આ વિસ્તારોમા અત્યાર સુધી વાવાઝોડું ભૂકંપ પુર જેવી ઓચિંતી આવતી આફતો, દુષ્કાળ ભૂગર્ભ જળનું ધોવાણ અને ખારાશ જેવી ધીમી ગતિએ આવતી આફતો અને પ્રદૂષણ ઔદ્યોગિક દુર્ઘટનાઓ અને યુધ્ધ જેવી માનવપ્રેરિત આફતોને અનુભવવામા આવી છે. આમ તો સાવાના નિયમિત કાર્યક્રમોમા વિવિધ આફતોના જોખમો ઘટાડવા પર કામ થતું હતું પણ ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપ પછી આ વિષય પર સંસ્થાએ આગવી સમજણ કેળવીને કામ શરૂ કર્યુ.

આ વિષય અંતર્ગત ગરીબ પરિવારો માટે ચક્રિય ભંડોળની રચના, ખેડૂતોના પાકને બચાવવા માટે ખેત તલાવડીઓનું બાંધકામ, વર્ષા વિમો અને લઘુ વિમાની યોજના કરવામા આવી. જે તે વિસ્તારમા આફત સામે સંભવિત જોખમો ઘટાડવા માટે આયોજન તૈયાર કરવામા આવ્યું. આ મુજબ વિવિધ આફતો સામે સંસ્થા તરફથી લાંબાગાળાની વ્યૂહરચના ઘડવામા આવી અને છેલ્લા બે વર્ષ દરમ્યાન અમલમા મુકવામા આવી.



પ્રયાસો

૧. સસ્તા આવાસનું બાંધકામ

સરદાર આવાસ યોજના અંર્તગત સંસ્થાએ ખંભાળીયા તાલુકામા ૧૦૫ જેટલા સસ્તા આવાસ બનાવ્યા. આ રાજ્ય સરકાર પ્રેરિત યોજનામા ગ્રામીણ વિસ્તારોમા ગરીબીરેખા નીચે જીવતા કુટુંબો માટે સુરક્ષિત આવાસ પૂરા પાડવામા આવે છે. આ માટે દરેક ઘર દીઠ રૂા. ૩૦૦૦૦ ની નિયત કરેલી રકમ ફાળવવામા આવે છે.

૨. સમુદાય આધારિત પુર્નવસન

વિકલાંગ ભાઈબહેનો માટે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે મહર્ષિ અષ્ટાવક્ર યોજનાના નામે સમુદાય આધારિત પુર્નવસન યોજના તૈયાર કરી છે. સાવાએ ઓખા તાલુકામા આ યોજનાના અમલની જવાબદારી સ્વીકારી હતી. આ યોજના અંર્તગત વિકલાંગોની ઓળખ કરી જરૂરિયાત પ્રમાણે તેમના દાકતરી, મનોવૈજ્ઞાનિક, સામાજીક, શૈક્ષણિક અને આર્થિક પુર્નવસનની કામગીરી કરવામા આવી હતી. કાર્યક્રમ હેઠળ ૧૨૫૪ વ્યકિતને વિકલાંગ તરીકે ઓળખીને તેમને નીચે મુજબ લાભ અપાવવામા આવ્યા.

| પ્રવૃત્તિ | સંખ્યા | પ્રવૃત્તિ | સંખ્યા | પ્રવૃત્તિ | સંખ્યા | પ્રવૃત્તિ | સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| દાકતરી પ્રમાણપત્ર | ૪૧૨ | ઓળખપત્રો | ૧૯૭ | રેલવે પાસ | ૨૯૨ | વી.આઈ. સ્ટીક | ૧૦ |
| શ્રવણ સાધનો | ૬૫ | ત્રણ પૈડાંવાળી સાયકલ | ૨૨ | જયપુર લેગ | ૦૭ | કેલિપર્સ | ૧૬ |
| પૈડાંવાળી ખુરશી | ૧૦ | સી. પી. ખુરશી | ૧૦ | ટેકણ લાકડી | ૦૫ | | |

આ કાર્યક્રમ દરમ્યાન સંસ્થાએ મીઠાપુર અને દ્વારકા ખાતે બે મેડીકલ અને બે રકતદાન શિબિરનું આયોજન પણ કર્યુ હતું.

૩. પેયજળ અને સ્વચ્છતા કાર્યક્રમ

ગુજરાત સરકારે ગ્રામીણ કક્ષાએ પાણી અને સ્વચ્છતાની સેવાઓમા સુધારો લાવવા અને તેને લોકવ્યવસ્થાપિત બનાવવા માટે વાસ્મો સંસ્થાની રચના હેતુ સમર્પિત વાહન રૂપે કરી છે. ઈ. સ. ૨૦૦૧ના ભૂકંપ પછી ભૂકંપ પુનઃસ્થાપન અને પુર્નવસન કાર્યક્રમના નામે લોકવ્યસ્થાપિત પેયજળ અને સ્વચ્છતા કાર્યક્રમની શરૂઆત કરવામા આવી.સાવાએ આ કાર્યક્રમનો અમલ ભાણવડ અને ખંભાળીયા તાલુકામા કર્યો. આ કાર્યક્રમ દરમ્યાન ૩૦ ગામોમા પાણીના સંગ્રહ અને વિતરણની વ્યવસ્થા ઊભી કરવામા આવી. કાર્યક્રમની ભૌતિક પ્રગતિ નીચે મુજબ છે.

| તાલુકો | ગામ | ભૌતિક પ્રવૃત્તિ | રકમ (રૂા.) |
|---|---|---|---|
| ભાણવડ | ૧૩ | ઊંચી ટાંકી–૩ સમ્પ–૩ પંપ રૂમ – ૪ પાઈપલાઈન – ૯ ગામ સ્ટેન્ડ પોસ્ટ – ૩૪ કૂવા ઊંડા કરવા – ૪ ધોબી ઘાટ – ૧૦ પ્રાથમિક શાળામા ભૂર્ગભ ટાંકા– ૧૪ પ્રાથમિક શાળામા સ્વચ્છતા કાર્યક્રમ – ૧૦ તારની વાડ – ૧ જૂથ ટાંકા–૩ | ૧,૬૫,૫૬,૩૦૦/– |
| ખંભાળીયા | ૧૮ | ઊંચી ટાંકી– ૭ સમ્પ– ૫ પંપ રૂમ– ૧૦ પાઈપલાઈન– ૧૨ ગામ સ્ટેન્ડ પોસ્ટ– ૧૨ તળાવ ઉંડા કરવા– ૨૫ ધોબી ઘાટ – ૧૧ જૂથ ટાંકા– ૯ પ્રાથમિક શાળામા ભૂર્ગભ ટાંકા– ૧૭ પ્રાથમિક શાળામા સ્વચ્છતા કાર્યક્રમ– ૧૨ | ૨,૯૫,૦૨,૬૫૦/– |

૪. વરસાદી પાણીના સગ્રહની વ્યવસ્થાઃ
ભુર્ગભ જળની કમી અને ઓછા વરસાદને કારણે સૌરાષ્ટ્ર વિસ્તાર પાણીની અછત ભોગવે છે. આ સ્થિતિમા વ્યકિતગત ઘરોમા પાણીની સુવિધા ઊભી કરવા માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડે વરસાદી પાણીનો સંગ્રહ કરવા ટાંકા બનાવવા પ્રોત્સાહન આપતો કાર્યક્રમ અમલમા મૂકયો છે. વરસાદી પાણીના ૧૦૦૦૦ લિટર ની ક્ષમતા ધરાવતા ટાંકા બનાવવાની કિંમત રૂ. ૨૨,૭૫૦/– આકારીમા આવેલ છે. જેમા ગરીબી રેખાની નીચે અને ઉપર રહેતા કુટુંબોને અનુક્રમે ૭૦% અને ૫ ૦% સબસીડી આપવામા આવી. આ કાર્યક્રમ હેઠળ આ પ્રમાણે ભૂગર્ભ ટાંકાનુ બાંધકામ પૂરુ કરવામા આવ્યુ.

| . | | | | |
|---|---|---|---|---|
| 1<br>2 | | | | |

૫. સ્વહિત (સ્વચ્છતા હિમાયત અને તાલીમ)
ગ્રામીણ વિસ્તારોમા સ્વચ્છતાનું પ્રમાણ વધારવા માટે સાવાએ સ્વહિત કાર્યક્રમની શરૂઆત કરી હતી. પીવાના પાણીના સંગ્રહ અને વિતરણ અંગેના કાર્યક્રમોના અમલ પછી સંસ્થાને જણાયુ કે, વ્યકિતગત ચોખ્ખાઈ અને પર્યાવરણલક્ષી સ્વચ્છતાના સ્તરે ઈચ્છનીય પરિણામ મેળવી શકાયા નથી. આ મુદ્દા પર સઘન કામ ક રવા માટે બે ગામોમા પ્રયોગ રૂપે સ્વહિત કેન્દ્રો શરૂ કરવામા આવ્યા. આ કેન્દ્રોના સંચાલકોને ગ્રામસ્તરે મુકવામાં આવ્યા અને તેમને શૌચાલય બાંધકામ, શોષખા ડા નિર્માણ, વ્યકિતગત સ્વાસ્થ્ય અને પર્યાવરણલક્ષી સ્વચ્છતા, ધનકચરા નિકાલની વ્યવસ્થા વગેરે પર કામ કરવાનું કહેવામા આવ્યું. આ કેન્દ્રોએ છ મહિના સુધ ીની કામગીરી પૂરી કરી, જેમા તેઓ કેટલાક નર પરિણામો મેળવી શકયા.

૬. રાજય પ્રાયોજિત સેકટર રીફોર્મ યોજના
એસ.આર.એસ. એ ગ્રામસ્તરે પીવાના પાણી અને સ્વચ્છતાલક્ષી સુવિધાઓ સુધારવા માટે જરૂરી ભૌતિક માળખું ઉભું કરવાની રાજય પ્રેરિત યોજના છે. સરકારે જામનગર અને પોરબંદર જિલ્લાના ૭૫ ગામોમા આ યોજનાના અમલ માટે સાવાની પ્રથમ કક્ષાની સંસ્થા તરીકે પસંદ કરી. આ યોજના અંર્તગત સાવાએ આ વરી લેવાયેલ ગામોની
પાણી સમિતિને તાંત્રિક, સામાજીક અને હિસાબી ટેકાઓ પૂરા પાડયા. સાવાએ પોરબંદર જિલ્લાના ૩૦ ગામોમા આ યોજનાના અમલ દરમ્યાન કરેલ કામોની િ વગત આ પ્રમાણે છે.

| ગામો | ભૌતિક પ્રવૃત્તિઓ | કિ(રૂા.) |
|---|---|---|
| રાણાવાવ, પોરબંદર અને કુતિયાણા તાલુકાના ૮૫ ગામો | પાઈપલાઈન ૯૫૮.૯૫ મીટર ઈ.એસ.આર.–૬ સમ્પ–૬ પંપ રૂમ–૫ મશીનરી–૭ સ્નાન ઘાટ–૩ ભૂર્ગભ ટાંકો– ૧ કૂવા– ૩ | ૧,૬૮,૯૮,૭૫૨ |

એસ.આર.એસ. કાર્યક્રમનો અમલ જામનગર જિલ્લામા સ્થાનિક સંસ્થાઓની મદદથી કરવામા આવ્યો.

| જલ્લો | તાલુકો | સહયોગી સંસ્થા | ગામો |
|---|---|---|---|
| જામનગર | ભાણવડ | બરડા | ૧૫ |
| | ખંભાળીયા | સરવાણી | ૧૫ |
| | કલ્યાણપુર | કલ્યાણી | ૧૫ |

૭. વર્ષા વિમો
જામનગર જિલ્લાની ખેતી વરસાદ જેવા કુદરતી પરિમાણ પર આધારિત છે. જિલ્લામા આકાર પામેલી અનિયમિત અને અનિયંત્રિત વરસાદની તરાહે પાક ઉત્પાદનને મોટી હાનિ પહોંચાડી છે. ખેડૂતોને વરસાદની સમસ્યા સામે રક્ષણ મળે તે માટે સાવાએ સજજતા સંઘ, અમદાવાદના સહયોગથી વરસાદ આધા રિત વિમાની યોજના અમલમા મૂકી. આ સાથે આ વિસ્તારના ખરીફ મગફળી પાક માટેની વર્ષ વીમા યોજના ભારતીય કૃષિ વિમા કંપનીના માધ્યમથી અ મલમા મૂકવામા આવી. સાવાની વર્ષા વીમાની યોજના ખેડૂતોમા બહોળો આવકાર પામી. વર્ષા વીમા યોજનાની સિદ્ધિઓ આ કોષ્ટકમા દર્શાવવામા આવી છે.

| વર્ષ | તાલુકો | | | | નોંધ |
|---|---|---|---|---|---|
| | | ગામો | ખેડૂતો | જમીન(એકરમા) | |
| ૨૦૦૬ | ૧ | ૪ | ૩૫ | ૩૯ | પ્રતિ એકર રૂ. ૧૦૧૦ નો વીમો |
| ૨૦૦૭ | ૨ | ૧૮ | ૧૧૯ | ૧૭૩ | |
| ૨૦૦૮ | ૫ | ૨૧ | ૨૦૯ | ૨૭૩ | પ્રતિ એકર રૂ. ૫૦૦ અને ૧૨૧૩ નો વીમો |

૮. દુષ્કાળ નિવારણ કાર્યક્રમ

ઈ.સ. ૨૦૦૨મા સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (ગદમ.) પ્રેરિત અને જનવિકાસ સંયોજીત દુષ્કાળ નિવારણ કાર્યક્રમનો જામનગર જિલ્લામા અમલ કરવા માટે સાવાની સ્વૈચ્છિક સંસ્થા તરીકે પસંદગી કરવામા આવી. સાવાએ આ કાર્યક્રમ જામનગર જિલ્લાના જોધપુર, ભરાણા અને ઢેબર ગામોમા અમલમા મૂકયો. આ કાર્યક્રમનું ધ્યેય સ્થાનિક સ્તરે લોકોનું ક્ષમતાવર્ધન કરી તે દ્વારા કુદરતી સાધનોનું વ્યવસ્થાપન એ રીતે કરાવવામા આવ્યું કે જેથી વિવિધ આફત ો ખાસ કરીને દુષ્કાળ સામે લોકોને રક્ષણ મળે. આ સંદર્ભમા ગ્રામસ્તરે ધાસચારો, અન્ન, બળતણ, પાણી અને રોજગારીની સુરક્ષા વધે તે માટે વિવિધ પ્રવૃ તિઓનુ આયોજન અને અમલ કરવામા આવ્યો.

| | ગામો | ભૌતિક કામો (માળખાકીય બાંધકામ) | આવરી લેવાયેલ કુટુંબ |
|---|---|---|---|
| | ૩ | ૩– કૂવા ૩– જૂથ જળસંગ્રહ ટાંકા ૨૫– ખેત તલાવડી<br>૩ – ચેક ડેમ ૧ – અનુશ્રવણ તળાવ ૨૯ – ખેતરના કાઢીયા | ૨૨૫ |

૯. વિરડા (વિસ્તારલક્ષી દુષ્કાળ નિવારણ માટે ગ્રામ સંસ્થાઓની પહેલ)

'વિરડા'નો વિચાર દુષ્કાળ નિવારણના મુદ્દે કામ કરતી સંસ્થાઓના નેટવર્ક તરીકે કરવામા આવ્યો હતો. તેની સ્થાપના ૧૭ સ્વૈચ્છિક સંસ્થાઓએ સેવ અને જનવિકાસ જયમચહ ના સહયોગથી કરી હતી. આ નેટવર્કને અગાઉ અમલમા આવેલ સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (ગદમ.)પુરસ્કૃત દુષ્કાળ નિવારણન ા પરિણામ સ્વરૂપ માની શકાય. સાવાએ અન્ય સંસ્થાઓની સાથે રહીને આ નેટવર્ક ઊભું કરવામા સક્રિય ફાળો આપ્યો.

સાવાએ કલ્યાણપુર તાલુકાના બે ગામોની પસંદગી દુષ્કાળ નિવારણની કામગીરી માટે કરી. સ્થાનિક કાર્યકરોને તૈયાર કરીને તેમને ગામનું આયોજન તૈયા ર કરવા માટે સહભાગી ગ્રામીણ ચકાસણીની વિવિધ રીતોની તાલીમ આપવામા આવી. આ આયોજનનું લક્ષ્ય દુષ્કાળના સમયમા ગ્રામસ્તરે પાણી, અન્ન , ઘાસચારો, બળતણ અને રોજગારીની સુરક્ષા ઊભી કરવાનો હતો. આ દરમ્યાન પૂરતો સહકાર ન મળતા કાર્યક્રમમાથી કલ્યાણપુર તાલુકાના ગામો પડ તા મૂકવામા આવ્યા અને જામજોધપુર તાલુકાના મેઘપર અને જીણાવારી ગામોની પસંદગી કરવામા આવી. સાવાએ આ ગામોના સામુદાયિક પ્રતિનિધિ ઓને તાલીમ આપી અને તેમના ગ્રામસ્તરીય આયોજન તૈયાર કરવામા મદદ કરી. હાલ આ આયોજીત પ્રવૃત્તિઓના અમલ માટે જરૂરી સાધનો ઊભા ક રવા સંસ્થા પ્રયત્નો કરી રહી છે.

૧૦. આફત સામે પૂર્વતૈયારી

સાવાએ ૨૦૦૧ના ભૂકંપ પછી તેના દ્વારા થતા વિકાસ કાર્યોની વ્યૂહરચનામા સમજપૂર્વક આફત નિવારણનો દ્રષ્ટિકોણ ઉમેર્યો. જે તે વિસ્તારના સંભવિત જોખમોને ધ્યાનમા રાખીને આફત સામે લોકોની સજતા વધારવા માટે પ્રયત્નો કરવામા આવ્યા. આવો જ એક પ્રયાસ વિવિધ આફતો ત્રાટકવાની જયા શ કયતા છે તેવા જામનગર જિલ્લામા કરવામા આવ્યો. આ વિસ્તારમા લોકજીવન અને આજીવિકાના સ્ત્રોતોને નુકશાન પહોંચાડવા માટે સક્ષમ એવી વાવા ઝોડું, દુષ્કાળ અને ભૂકંપની આફતોની શકયતાઓ રહેલી છે. કન્સર્ન વર્લ્ડવાઈડ સહાયિત આ આફત નિવારણ કાર્યક્રમ ૧૨ ગામોમા અમલમા મૂકવામા આવ્યો. આ કાર્યક્રમના મુખ્ય ધ્યેયોમા આફત નિવારણ અંગે જાગૃતિ ઊભી કરવી, ગ્રામસ્તરે કટોકટી સમયનું આયોજન તૈયાર કરવું, આફત સામે પૂર્વતૈય ારીનું નિદર્શન અને કાર્યક્રમના વધારે સઘન અમલ માટે વિવિધ જોડાણો પૂરા પાડવા વગેરે હત

| ભૌતિક પ્રવૃતિઓ | કુટુંબ |
|---|---|
| પીવાના પાણીના કૂવા – ૩ ઘાસચારા પ્લોટનો વિકાસ – ૨ સિંચાઈ માટેના કૂવા –૧ ભૂર્ગભ ટાંકા– ૧૨૩<br>સામુદાયિક આવાસ – ૨ પાણી સંગ્રહની ટાંકી– ૧ બોર – ૩ કૂવાનુ સમારકામ – ૧ પંપરૂમ, પાઈપલાઈન, મોટર – ૧<br>ભૂકંપ/વાવાઝોડા પ્રતિરોધક રહેઠાણ – ૨ | ૧૪૮૪ |

આ ગામોમા આફતો સામે લોકોનું ક્ષમતાવર્ધન કરવાનું કામ અન્ય વિકાસ કામો સાથે જોડીને કરવામા આવ્યું. દરેક ગામમા આ મુજબની પ્રવૃતિઓ કરવા મા આવી.

( ૧ ) કુદરતી આફતોના સમય માટે કટોકટી સમયનું આયોજન

( ૨ ) અતિ ગરીબ કુટુંબના ૧૪ સ્વાશ્રયી જૂથોની રચના

( ૩ ) આફત વિષે જાગૃતિ અને તાલીમ

( ૪ ) આફત સામે રક્ષણ મળે તે માટે દરેક ગામને રૂ. ૨૦,૦૦૦ નુ ચક્રિય ભંડોળ

આ કાર્યક્રમ અંર્તગત થયેલી કામગીરીનું દ્રશ્ય–શ્રાવ્ય સાધનોની મદદથી દસ્તાવેજીકરણ પણ કરવામા આવ્યું અને લોકજાગૃતિ વધારવા માટે તેનું બહોળું વિતરણ કરવામા આવ્યું.

૧૧. સંકલિત પુનર્વસન
ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપ પછી સાવાએ કલ્યાણપુર તાલુકાના ભાટવાડિયા ગામના સંકલિત પુનવર્સન કાર્યક્રમનું આયોજન કરી તેને અમલમા મૂકયો. આ કાર્યક્રમ જનપથ નાગરિક પહેલના માધ્યમથી હિવોઝ બેંગ્લોર દ્વારા સહાયિત હતો. કાર્યક્રમના અમલ દરમ્યાન ગામમા આ મુજબની પ્રવૃત્તિઓ કરવામા આવી.

| Activity | ગામ | માળખાકીય બાંધકામ | લાભાર્થી કુટુંબ |
|---|---|---|---|
| Integrated Rehabilitation | ૧ | ૧૯ નવા ઘર ૨૦ ઘરોનું સમારકામ ૦૧ કૂવાનું સમારકામ પાઈપલાઈન ૦૧ ઘાસનું ગોદામ | ૮૫ |

સાવાએ આ કાર્યક્રમના અમલ દરમ્યાન ૧૫% લોકફાળો એકત્રિત કર્યો. જો કે આમ કરવાથી અમલની પ્રક્રિયા ધીમી પડી પણ લોકફાળાના ચૂસ્ત આગ્રહે સંસ્થાની આગવી છાપ ઊભી કરી.
૧૨. કડિયા તાલીમ
ઈ. સ. ૨૦૦૧ ના ભુકંપ પછી સાવાને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જામનગરે કડિયા કામના કારીગરોને ભૂકંપ/વાવાઝોડા સામે સુરક્ષા આપે તેવા મકાનો બાંધવાની તાલીમ આપવાનું કામ સોંપેલ. જોડીયા તાલુકાના ૩ ગામોના ૬૦ કડિયાભાઈઓ માટે આ પ્રકારની તાલીમોનું આયોજન કરવામા આવ્યુ હતું.
૧૩. પેયજળની સુવિધાઓનું પુનઃસ્થાપન
ઈ.સ. ૨૦૦૧ ના ભૂકંપ પછી એકશન ફોર ફુડ પ્રોડકશન (એફપ્રો), ઉદયપુરે ભૂકંપગ્રસ્ત ગામોની શાળાઓમા પીવાના પાણીની સુવિધા ઊભી કરવા માટે સાવાનો સંપર્ક કર્યો. ભાણવડ તાલુકાની બે માધ્યમિક શાળાઓને આ માટે પસંદ કરીને તેને બોર ડ્રીલીંગ, સબ મર્સીબલ પંપ, પંપહાઉસના બાંધકામ અને પાણીની પાઈપલાઈન નાખવામાટે નાણાંસહાય કરવામા આવી.
૧૪. આફત સામે પૂર્વતૈયારી અને પ્રતિકાર
આ કાર્યક્રમનો હેતુ આફત નિવારણને લગતી પ્રવૃતિઓને વિકાસ કાર્યોના મુખ્ય પ્રવાહમા સામેલ કરવાનો હતો કે જેથી આફતો સામે ગ્રામ સમુદાયોની નબળાઈ ઘટાડી શકાય.આ પ્રોજેકટનો કાર્યવિસ્તાર વિવિધ આફતોના સંભવિત ક્ષેત્રોમા આવતા બે ગામો હતા. આ ગામોના લોકોએ આફત સામે સ્વ બચાવ માટેના કામો કરવાની તૈયારી બતાવી. આ કાર્યક્રમનું ધ્યેય ગામના ગરીબ અને જરૂરિયાતવાળા લોકોને કેન્દ્રમા રાખીને કામ કરવાનો હતો. આ ગામોના ત્રણ વર્ષના સમયમા કરવામા આવેલી પ્રવૃત્તિઓમા તાલીમો, ચર્ચા અને વાર્તાલાપ, પ્રેરણા પ્રવાસ અને સમુદાય આધારિત આફત નિવારણ માટેનું આયોજન મુખ્ય હતા.
૧૫. આફતના પ્રતિકાર માટે સામુદાયિક ક્ષમતાવર્ધન
સાવા તેની શરૂઆતથી જ તેના કાર્યવિસ્તારમા સંભવિત આફતોના જોખમો સામે કાર્યરત હતી. પણ ભૂકંપ પછી આપ્રક્રિયા વધારે જાગૃત રીતે કરવાની ફરજ ઊભી થઈ. ગ્રામસ્તરે રહેલા નિયત જોખમો સામે વિવિધ કાર્યક્રમો ઘડવામા આવ્યા અને તેનો અમલ કરવામા આવ્યો. આમ તો આ દરેક કાર્યક્રમે પોતાનો હેતુ પુર્ણ કર્યો પણ તે જે તે વિસ્તારના સંભવિત જોખમો સામે સમુદાયનું ક્ષમતાવર્ધન કરવા માટે ઉણો ઉતર્યો. આ હકીકતના લીધે સાવાએ વિવિધ આફતોને ધ્યાનમા રાખીને 'આફત નિવારણ કાર્યક્રમ' ઘડયો અને તેને ૨૦ ગામોમા ચકાસણી માટે અમલમા મૂકયો. આ માટે ઓકસફામ(જીબી) ના સહયોગથી વિવિધ મુદ્દા પર સમજ કેળવવામા આવી અને તેને અનુરૂપ પ્રવૃત્તિઓ ઘડવામા આવી. વિવિધ પ્રવૃતિઓ જેવી કે પ્રાથમિક માહિતીનું એકત્રીકરણ અને વિશ્લેષણ, સસ્તા પ્રકારના શૌચાલયોનું નિદર્શન, ઘનકચરા વ્યસ્થાપન, વર્ષા વિમો અને સરકારી યોજનાઓની માહીતીની આપ–લે વગેરે અમલમા મૂકવામા આવી. આ તમામ પ્રવૃત્તિઓનો પ્રાયોગિક તબકકો પૂરો થયા પછી આ અંગેની દરખાસ્ત તૈયાર કરીતેનો બીજા ગામોમા અમલ કરવામા આવ્યો.
૧૬. મહિલા અને બાળ સ્વાસ્થ્ય
સાવાની કલ્યાણપુર અને ખંભાળીયા તાલુકાના ગામોમા 'મહિલા અને બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ'ની અમલીકરણ સંસ્થા તરીકે નિયુકિત કરવામા આવી. આ કાર્યક્રમના પ્રથમ તબા દરમ્યાન બાળકો અને માતાઓના સ્વાસ્થ્યને લગતી જરૂરિયાતો સમજવા માટે બેઝલાઈન સર્વેક્ષણ કરવામા આવ્યું. આ સર્વેક્ષણ દરમ્યાન બે વ્યકિતઓને તાલીમ આપીને તૈયાર કરવામા આવી. આ કાર્યક્રમ તેના બીજા તબકકામા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાને સોંપવામા આવ્યો, જે સાવાના કર્મચારીએ સાવાની 'એકઝીટ પોલિસી' ના ભાગરૂપે સ્થાપેલ છે.







## વિંઝલપર : પાણીની વિતરણ વ્યવસ્થામા ચિલો પાડતું આદર્શ ગામ

વિંઝલપર એ ખંભાળીયા તાલુકાનું ગામ છે જયાં સાવા તેની શરૂઆતથી કામ કરે છે. ગામની કુલ વસ્તી ર૭૮૭ છે. જેમાં વિવિધ જ્ઞાતિઓના ૪૬૦ કુટુંબ વસે છે. સાવાએ ગામમા સમુદાય આધારિત સંગઠન–ગ્રામ વિકાસ મંડળ સ્થાપી પોતાના કામની શરૂઆત કરી. આ સંગઠનની રચના ગામના 'જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ' કાર્યક્રમના અમલ દરમ્યાન ૧૯૯૯–ર૦૦૦મા કરવામા આવી હતી. આ મંડળના સભ્યોએ જરૂરિયાત પ્રમાણે સંઘર્ષ નિવારણ, સાધનોની ખરીદી અને અમલની પ્રકીયા પરદેખરેખ જેવી સમિતિઓ બનાવી. આમ કરવાથી સમિતિના સભ્યોની ભૂમિકા અને જવાબદારીઓ નકકી થઈ જેથી તેઓ તેમની ક્ષમતા પ્રમાણે સારુ કામ કરી શકયા. સાવાએ ગ્રામ વિકાસ મંડળના સભ્યોની ક્ષમતા વધારવા માટે વિવિધ તાલીમોનું આયોજન કર્યુ. આ સમયે ગ્રામ વિકાસની સમજ મજબૂત કરવા માટે પ્રેરણા પ્રવાસોનું આયોજન કરવામા આવ્યું.આવા જ એક રાજસમઢીયાળા ગામના પ્રેરણા પ્રવાસથી ગામના તમાકુ વિરોધી ઝુંબેશના બી વવાયા. આખા ગામમા ગુટખા અને અન્ય તમાકુની વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવામા આવ્યો.

ગામે વાસ્મો પ્રેરીત ઈ.આર.આર. પ્રોજેકટ અંર્તગત પીવાના પાણી અને સ્વચ્છતાને લગતી કામગીરી હાથ ધરી. ગામની પાણી સમિતિ બની જેમા ગ્રામ વિકાસ મંડળના સભ્યોનો પણ સમાવેશ થતો હતો તેને પ્રોજેકટના અમલની જવાબદારી સોપવામા આવી. આખા ગામને એક જ ટાંકીએથી પાણી વિતરણ કરવાનું ની કરવામા આવ્યું. ગામનો દૈનિક જરૂરિયાતનો પાણીનો જથ્થો ૧૬૦થી ૧૯૦ ઘન મીટર હતો. પણ ગામની જમીન અસમતોલ હોવાથી નીચાણવાળા ભાગમા વધારે અને ઉંચાણવાળા ભાગમા ઓછુ પાણી મળતું હતુ. ગામે આ સમસ્યાને હલ કરવા માટે જે રસ્તો અપનાવ્યો તે ગ્રામીણ પાણી વિતરણ વ્યવસ્થા માટે નમુનારૂપ હતી. સમિતિએ દરેક ફળયામા પાણીના સ્તરને સમાન કરવા ઘોડીઓ લગાવી તેથી દરેક ઘરને પહોચાડવા માટેના પાણીનું સ્તર સમાન થયું. આ રીતે ગામના દરેક ફળિયામા પાણીનું સમાન અને ન્યાયી વિતરણ કરવામા આવ્યું. આ વ્યવસ્થાએ પાણીની ચોરી પણ અટકાવી. આ પ્રયાસને વાસ્મો અને ગુજરાત સરકારે વખાણ્યો. ગુજરાતના મુખ્યમંત્રીએ વિંઝલપર પાણી સમિતિને રૂા. ર૦,૦૦૦ અને ટ્રોફી આપીને તેનું જાહેર સન્માન કર્યુ.

## ગગજી મુરૂ રાઠોડઃ દરેક આફતમાથી ઊભા થવાનો અડગ નિર્ધાર

ગગજી મુરૂ રાઠોડ પહેલા કરતા વધારે ખુશ હતો અને પોતાના ભૂકંપ્રતિરોધક અને પહેલા કરતા મોટા ઘર પર ગૌરવ લેતો હતો. તે પોતાને આ ઘર મેળવવા માટે ભાગ્યશાળી સમજતો કેમ કે તેર મહિના પહેલા તે એની સઘળી આશા ગુમાવી ચૂકેલ હતો. ગગજીભાઈએ તેમનું ૩પ વર્ષથી વધુનું જીવન ભાડાના ઘરમા સંયુકત કુટુંબમા વીતાવ્યું હતું. પોતાની માલિકીની જમીન ન ધરાવતું તેમનું વિશાળ કુટુંબ આજીવિકા માટે ખેતમજૂરી પર આધારિત હતું. તેમના લગ્નના વર્ષ (૧૯૯૬) પછી ગગજીભાઈને ઈન્દિરા આવાસ યોજના અંર્તગત પોતાનું ઘર બનાવવા માટે રૂ. પ,પ૦૦ નું અનુદાન મળ્યુ. આ નવું બનાવેલું ઘર ૧૯૯૮ના વાવાઝોડામા નુકસાન પામ્યું. ઘરના દરેક વ્યકિતએ વધારે મહેનત કરી અને એક વર્ષમા ઘરનું સમારકામ પૂરું થયુ. સમારકામ પૂરું થયા પછી ઘરની વ્યકિતઓ પોતાની જાતને સુરક્ષીત સમજતા હતા પણ ઈશ્વરે તેમના ખમીરને ફરીથી પારખવાનું નક્કી કર્યુ હશે.

ઈ.સ. ર૦૦૧ના ભૂકંપ દરમ્યાન કુદરતે ફરીથી આ કુટુંબ પર કાળો કેર વર્તાવ્યો. તેમનું આખું ઘર ભૂકંપમા ધરાશાયી થયું. ગગજીએ ભૂકંપ સહાય મળે તે માટે અરજી કરવાનો પ્રયત્ન કર્યો. પણ તેને ના પાડવામા આવી કારણ કેતેને વર્ષો પહેલા ઘર બનાવવા માટે સબસીડી આપવામા આવી હતી. આ કુટુંબે ફરીથી પોતાના પગ પર ઊભા થવાની અને પોતાનુ ઘર બનાવવાની આશા ગુમાવી દીધી. પણ નસીબે ફરીથી યારી આપી અને ગગજીના કુટુંબની ગામની સલાહ અને ગુણાત્મક સર્વેના આધારે સાવાના પુર્નવસન કાર્યક્રમમા પસંદગી કરવામા આવી. ગગજીના કુટુંબે ભારે મહેનત કરીને પોતાનું ઘર ઊભુ કર્યુ અને બીજાઓને પણ તેમના ઘર બનાવવા માટે મદદ કરી. ઘરનું કામ પુરું થતા ગગજીભાઈ રાઠોડ હવે ખુશ હતા અને દરેક આફત સામે અડગ ઊભા રહી શકવા બદલ પોતાની જાત પર ગૌરવ અનુભવતા હતા. જો કે કુદરતે નવા ઘરમા રહેવા ગગજીભાઈને ઝાઝો વખત ન આપ્યો. ઘર બન્યાના પ્રથમવર્ષમા તેમનું મૃત્યુ થયું પણ તેઓ જતા જતા નિરાશ્રીતપણાના ભારથી કુટુંબને છોડાવતા ગયા.

## હિરબાઈ રાયમલ બથિયા : આરામનો સમય હવે આવ્યો

હવે હિરબાઈ રાયમલ બથિયા પોતાનો ઘણો સમય પોતાના ૭ વર્ષના બાળકને ખવડાવવામાઅને રમાડવામા વિતાવે છે. તેમના જીવનમા વધેલો આ સમય તેમના ઘરથી ૧૦૦ ફૂટ દુર નવા બનાવેલા પાણીના ટાંકાને આભારી છે. આ ગામના પાણીના સ્ત્રોતોનું પુનઃ સ્થાપન એ સાવા પ્રેરિત સંકલિત પુનવર્સન કાર્યક્રમનો મહત્વનો ભાગ હતો. ભાટવાડિયા ગામની તમામ બહેનોને પીવાનું પાણી ભરવા માટે દુર આવેલ તળાવ કે પાણીના ટાંકા સુધી જવું પડતું હતું. તેઓ રોજનો ત્રણ કલાકથી વધારે સમય તેમના કુટુંબ માટે પૂરતું પીવાનુ પાણી મેળવવા માટે ગાળતા હતા. હિરબાઈ અને અન્ય બહેનોએ પોતાના ઘરની બાજુમા નાનો પાણીનો ટાંકો બનાવવાની માગણી કરી. એમનો નિર્ણય ગ્રામસભામા મંજુર કરવામા આવ્યો અને લોકોએ ટાંકો બનાવવા માટેનું શ્રમદાન પાઈપલાઈન નાંખવા માટેનો ખાડોખોદીને કર્યુ. હિરબાઈ સહિતની બહેનો હવે ખુશ છે અને પોતાનો વધારાનો સમય ખુશી ખુશી વિતાવે છે..



## વિષયઃ સ્થાનિક નેતાગીરીનો વિકાસ

ઈ.સ. ૧૯૯૬ દરમ્યાન સાવાએ હાથ ધરેલા બેઝલાઈન સર્વેમા સૌરાષ્ટ્ર વિસ્તારમા અવિકસિતપણાનું મુખ્ય કારણ સ્થાનિક લોકોમા સંગઠીત થઈને પોતાના પ્રશ્નો હલ કરવાની વૃતિનો અભાવ હોવાનું પ્રસ્થાપિત થયું. આ પર થીસ્થાનિક નેતાગીરીની પહેલ અને તેનો વિકાસ એ સંસ્થાના કામનો મુખ્ય વિષય બન્યો. આ વિષય એ સંસ્થાએ અમલમા મૂકેલ તમામ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનો ભાગ બન્યો અને તે સંસ્થાએ હાથ પર લીધેલ મુાઓની અસરકારકતા વધારવા માટે ઉપયોગી બન્યો.



## પ્રયાસો

૧. વોટર શેડ પ્લસ

'વોટર શેડ પ્લસ' કાર્યક્રમનો પ્રાથમિક હેતુ ખાનગી માલિકીની જમીન, પશુઓ, સામૂહીક જમીનો અને ગૌચરની ઉત્પાદકતા વધારવાનો હતો. આ માટે વિવિધ બિયારણ, ખાતર, જૈવિક જંતુનાશકો અને સિંચાઈના સાધનોના નિદર્શન પ્લોટ તૈયાર કરવામાઆવ્યા. આ કાર્યક્રમ હેઠળ રૂ.૧,૫૦,૦૦૦ નું ચક્રિય ભંડોળ ઊભું કરવામા આવ્યું. આ ભંડોળંનો ઉપયોગ કલ્યાણપુર તાલુકામા ખેત તલાવડી બનાવવા માટે 'સરળ ધિરાણ' પુરુ પાડવામા કરવામા આવ્યો. આ ખેત તલાવડી કાર્યક્રમે નિયત કરેલા લક્ષ્યાંકો સિધ્ધ કર્યા. આથી તેનો અમલ મોટા પાયે કરવામા આવ્યો. ખંભાળીયામા તાલુકાકક્ષાનું વોટરશેડ એસોસીએશન બનાવવાનો પ્રયત્ન કરવામા આવ્યો, પણ તે વધુ મુડીરોકાણમાંગી લેતુ હોઈ કાર્યકર્તાઓ હજુ તાલુકાકક્ષાનું સંગઠન રચવા તૈયાર થયા નથી.

૨. સ્વાશ્રયી જૂથોની રચના અને બેજોડાણ

સ્વાશ્રયી જૂથ રચના કાર્યક્રમ ગ્રામીણ વિસ્તારની ગરીબ બહેનોને કેન્દ્રમા રાખીને ઘડવામા આવ્યો હતો. આ કાર્યક્રમ દરમ્યાન ૪૭ ગામોમા ૧૬૫ સ્વાશ્રયી જૂથો રચવામા આવ્યા અને તેમનું ક્ષમતાવર્ધન કરવામા આવ્યું.આ સ્વાશ્રયી જૂથના સભ્યોની સંખ્યા ૧૮૬૫ જેટલી છે. આ જૂથો અત્યારે બચતની પ્રવૃત્તિથી આગળ વધીને આંતરીક ધિરાણ, બેંક સાથે જોડાણ અને આજીવિકા સર્જન જેવા કામો પણ કરે છે. આ પૈકી ૨૩ સ્વાશ્રયી જૂથોએ વિવિધ કામમાટે રૂા.૧૦૩૬૦૦૦ ધિરાણ તરીકે મેળવ્યા છે. સ્વાશ્રયી જૂથોને મજબૂત કરવાના કાર્યક્રમ અંર્તગત જાગૃતિ શિબિર,પ્રેરણા પ્રવાસ, પ્રચાર સાહિત્યનું વિતરણ, બેંક અધિકારીઓ સાથે સંયુકત બેઠકો વગેરે પ્રવૃત્તિઓ કરવામા આવી. આ કાર્યક્રમની સહાયક બેંકોમા બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા, સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક અને જામનગર જિલ્લા સહકારી બેંકનો સમાવેશ થાય છે.

૩. 'જીવન'(જામનગર ઈનીશીએટીવ ફોર વોલન્ટરી એજન્સીસ નેટવર્ક) નું ક્ષમતાવર્ધન

જીવન એ જામનગર જિલ્લામા કાર્યરત ૧૪ સ્વૈચ્છિક સંસ્થાઓનું નેટવર્ક છે. તેની રચના ૨૦૦૧ના ભૂકંપ પછી કરવામા આવી. સાવાએ જીવનની સ્થાપનામા અને આફત સહાય અને પુર્નવસના ક્ષેત્રમા તેની પ્રવૃતિઓ ઘડવામા ચાવીરૂપ ભૂમિકા ભજવી. જીવને તેની સભ્ય સંસ્થાઓને આયોજનલક્ષી, વહીવટી, તાંત્રિક અને તેમના ક્ષમતાવર્ધન માટેના વિવિધ ટેકાઓ પૂરા પાડયા કે જેથી તેઓ તેમના લક્ષ્યાંક વધુ સારી રીતે સિદ્ધ કરી શકે. નેટવર્કે જોડીયા તાલુકામા મહિલા આર્થિક પુર્નવસન પર કાર્યક્રમ હાથ ધર્યો.

૪. શાળાઓ માટે કમ્પ્યુટર્સ કાર્યક્રમ

શાળાઓ માટે કમ્પ્યુટર્સ કાર્યક્રમનો ધ્યેય છેવાડાના ગામોમા આવેલી શાળાઓમા કોમ્પ્યુટર શિક્ષણને પ્રોત્સાહન આપવાનો હતો. આ કાર્યક્રમ હેઠળ ભાટીયા અને ઉપલેટાની બે શાળાઓને કુલ ૨૦ કમ્પ્યુટર સિસ્ટમ્સ આપવામા આવી. આ શાળાઓએ પણ 'કમ્પ્યુટર લેબ' ઊભી કરીને કાર્યક્રમમા પોતાનો ફાળો આપ્યો. આ કાર્યક્રમ 'ઈન્ડિયા કાઉન્સીલ'ની સહાયથી ચલાવવામા આવ્યો.

૫. જિલ્લા તાલીમ કેન્
ગ્રામ વિકાસ કમિશ્નર, ગુજરાત રાજયની નાણાં અને તાલીમલક્ષી સહાયથી સાવાએ જામનગર જિલ્લા માટે જિલ્લાકક્ષાનુ લો કોષ્ટ તાલીમ કેન્દ્ર ઉભું કર્યુ અને ચલાવ્યું. આ જિલ્લાકક્ષાનું તાલીમ કેન્દ્ર જામનગર શહેરમા એક વર્ષસુધી કાર્યરત રહયું. આ એક વર્ષ દરમ્યાન ૨૭૪ ગ્રામીણ જૂથોના ૧૩૯૩ સભ્યોને હિસાબ, વહીવટ અને સંગઠ ન રચનાના મુદ્દે તાલીમ આપવામા આવી.

૬. સખી મંડળ
સખી મંડળ એ ગુજરાત સરકારનો કાર્યક્રમ છે, જે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે અમલમા છે. આ કાર્યક્રમ અંર્તગત સ્વાશ્રયી જૂથોનું ક્ષમતાવર્ધન અને તેમનું ફેડરે શન ઊભું કરવાનો પ્રયત્ન કરવામા આવે છે. આ માટે સાવાની પસંદગી જામનગરમા જિલ્લા કક્ષાની સ્વૈચ્છિક સંસ્થા તરીકે કરવામા આવી અને તેને તાલુકા કક્ષાની સ્વૈચ્ છિક સંસ્થાઓને ટેકા પૂરા પાડવાની કામગીરી સોંપવામા આવી. અમુક સમય બાદ સંસ્થાએ પોતાને જિલ્લાકક્ષાની જવાબદારીઓથી મુકત કરી પણ હજુ પોરબંદર જિલ્લ ાના કુતિયાણામા તાલુકાકક્ષાની ભુમિકામા તે સામેલ છે.

૭. વૃદ્ધિ પામેલ સંસાધનોના મજબુતીકરણ અને ન્યાયી ઉપયોગ માટે લોકપહેલ
વોટરશેડ પ્લસની પ્રવૃતિઓ જેવો આ કાર્યક્રમ ત્રણ તાલુકાના પાંચ ગામોમા અમલમા મૂકવામા આવ્યો. આ કાર્યક્રમનું મુખ્ય ધ્યેય એ જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ દરમ્યાન વિકાસ પામેલ કુદરતી સ્ત્રોતોની ઉત્પાદન ક્ષમતાવધારવાનું હતુ. આ મુજબ જૈવિક જંતુનાશક બિયારણ ખાતર અને ટપક સિંચાઈ વ્યવસ્થા માટેના નિદર્શન પ્લો ટ, જાગૃતિ કાર્યશાળાઓ, પ્રેરણા પ્રવાસ અને સેમિનાર વગેરેનું આયોજન કરવામા આવ્યું. જામનગર એ દુષ્કાળ પ્રભાવિત જિલ્લો છે જયાં સિંચાઈ માટેના પાણીની અછ ત છે. આ હકીકતને ધ્યાનમા રાખીને જિલ્લામા યમબ (ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એન્ટરપ્રાઈઝ) ની સાથે રહીને ટપક સિંચાઈ આધારીત વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા મા આવ્યું.

૮. આદર્શ ગ્રામ
આદર્શ ગ્રામના પયત્ન હેઠળ વાસ્મોની સહાયથી જામનગર તાલુકાના ૨૫ ગામોમા પાણી અને સ્વચ્છતાને લગતી આદર્શ વ્યવસ્થા ઊભી કરવામા આવી. આ ગામોમા આ અંગેનુ ભૌતિક માળખું પહેલેથી તૈયાર હતું. આ કાર્યક્રમ હેઠળ ગામલોકોને ચોવીસ કલાક પાણીની સુવિધાઓ, પરંપરાગત પાણીના સ્ત્રોતોનું રિચાર્જિંગ અને પાણી સમિતિઓનું ક્ષમતાવર્ધન જેવી પ્રવૃત્તિઓ કરવામા આવી.

૯. પાણીની ગુણવા ચકાસણીની તાલીમ
વાસ્મોની સહાયતાથી સાવાએ પોરબંદરઅને જામનગર જિલ્લાના ગ્રામમિત્રો, પાણી સમિતિના સભ્યો, પ્રાથમિક શિક્ષકો અને ગામ આગેવાનો માટે પાણી ગુણવત્તાની ચ કાસણી માટેની તાલીમોનું આયોજન કર્યુ. આ કાર્યક્રમ પાછળનો હેતુ પાણીની ગુણવત્તા અંગે જાગૃતિ ઊભી કરવાનો, ગુણવત્તા ચકાસણીની સાદી ટેકનિક બાબતના જ્ઞાન અને કૌશલ્યનો પ્રચાર કરવાનો અને ગ્રામસ્તરે ગુણવત્તાયુકત પાણીની માંગ ઊભી કરવાનો હતો.

૧૦. પાણી સમિતિની રચના
ગુજરાત સરકારે દરેક ગામમા રહેઠાણ સ્તરે પાણી વિતરણની વ્યવસ્થા સંભાળવા માટે પાણી સમિતિની રચનાને નીતિવિષયક નિર્ણયથી બહાલી આપી છે. આ અંગેનો એક કાર્યક્રમ પોરબંદર જિલ્લામા શરૂ કરવામા આવ્યો. સાવાસંસ્થા આ કાર્યક્રમનો ભાગ બની અને ૩૦ ગામોમા તેણે પાણી સમિતિની રચના કરી.

૧૧. સ્થાનિક સંસ્થાઓની રચના
સાવાએ તેના સ્થાનિક નેતાગીરી ઊભી કરવાના વિચારને મૂર્તિમંત કરતા સરવાણી, કલ્યાણી અને બરડા નામે સ્થાનિક સંસ્થાઓ રચવામા મદદ કરી છે. સાવાએ એવા ત્ર ણ તાલુકા કે જયાથી પોતાના કામની શરૂઆત કરી અને સાત વર્ષ સુધી કામ કર્યુ ત્યાં ચર્ચાવિચારણા પછી ત્રણ આગેવાન સ્થાનિક સંસ્થા કર્મચારીને સ્વાયત્ત સંસ્થાઓ ર ચવા પ્રોત્સાહન આપ્યું જેથી સ્થાનિક લોક પ્રતિનિધિઓ વિકાસ પ્રકિયાની આગેવાની લઈ શકે. સાવાના આ સ્થાનિકકર્મચારીઓને અલગ સ્વાયત સંસ્થા સ્થાપવાનો કે સાવાના તાલુકા કક્ષાના સ્વાયત એકમને સંભાળવાનો વિકલ્પ આપવામા આવ્યો હતો. કર્મચારીઓએ સાહસ દાખવી સ્વાયત સંસ્થા માટે રૂચી દર્શાવી. આ આધારે શરૂઅ ાતના બે વર્ષ સુધી ક્રમશઃ ઘટતા જતાં ટેકાની વ્યૂહરચના મુજબ ખંભાળીયા, કલ્યાણપુર અને ભાણવડ તાલુકાઓ માટે અનુક્રમે સરવાણી, કલ્યાણી અને બરડા સંસ્થાઓન ી સ્થાપના થઈ. સાવાએ આ પ્રકિયામા પોતાના સાધનો અને વિશિષ્ટ ક્ષમતાઓ દ્વારા યોગદાન આપ્યું. આ પ્રકિયાએ સાવાને તેની નવી ભૂમિકાને (વિકાસ કાર્યો માટેના સં સાધન કેન્દ્ર તરીકેની ) વ્યાખ્યાયિત કરવામા મદદ કરી. સંસ્થા હવે સંચાલન, ક્ષમતાવર્ધન અને વિશિષ્ટ કૌશલ્ય વિકાસ જેવા મુદ્દાઓ પર સારી રીતે કામ કરી શકશે. આ પ્રક્રિયાથી સ્થાનિક નેતાગીરીના વિકાસના વિષય પર સાવાની શ્રધ્ધા વધી અને ગ્રામસ્તરે સ્થાનિક લોકોની નેતાગીરી વિકસે તેવા મંડળો પણ તૈયાર થયા. હાલ સરવાણી, કલ્યાણી અને બરડા ધરાતલ પર લગનથી કામ કરે છે અને લોકોના વિકાસમા પોતાનો ફાળો આપે છે.

### વિંઝલપુરઃ નિરક્ષર મેનેજરો મારફતે ચાલતું સ્વાશ્રયી જુથ

વિંઝલપુરએ ખંભાળીયા તાલુકાના એવા ગામોમાનું એક છે જયાં સાવા તેની સ્થાપનાના સમયથી કામ કરે છે. ગામની કુલ વસ્તી ૨૭૮૭ અને તેના કુંટુંબો ૪૬૦ છે જેમા વિવિધ જ્ઞાતિના લોકોના સમાવેશ થાય છે. આ ગામમા જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમના અમલ દરમ્યાન બહેનોના ૪ સ્વાશ્રયી જૂથો ભા કરવામાં આવ્યા અને તેમનુંબેંક સાથે જોડાણ કરવામાં આવ્યું છે.

આ પૈકી એક સ્વાશ્રયી જૂથ ભરવાડ બહેનો ચલાવે છે. સંયોગોવસાત આ સ્વાશ્રયી જૂથના બધા સભ્યો નિરક્ષર છેઅને જૂથના હિસાબો પોતાની યાદશકિતથી રાખે છે. તેઓ ખેતી સંલગ્ન પ્રવૃતિઓ કરે છે. આ વિસ્તારમાં સતત પડેલા દુષ્કાળે લોકોના ઊગ ધંધા અને આવકના સ્તર પર માઠી અસર કરી છે. આ સંજોગોમાં સ્વાશ્રયી જુથે આપેલ લઘુ ધિરાણ તેમને દુષ્કાળનો કપરો સમય પસાર કરવામા મદદ કરે છે. દુષ્કાળના સમયમા સ્વાશ્રયી જુથે અનાજ અને ઘાસચારા માટે લોન આપી. આ લોનની કુલ રકમ રૂ. ૩૫,૦૦૦ જેટલી થતી હતી. કોઈ પણ વ્યકિતને વ્યકિતગત રીતે રૂ. ૫,૦૦૦ ની લોન વધુમા વધુ બે વખત મળતી. આ માટેના વ્યાજનો દર અત્યાર સુધી ૨ % હતો. પુરતા પ્રમાણમાં નાણા ભા થતા સભ્યોએ વ્યાજનો દર ઘટાડીને મહિને ૧ % કરવાનું નકકી કર્યુ. આ સ્વાશ્રયી જૂથથી થયેલા ફાયદા માટે એક સભ્ય કહે છે કે "જો અમારી પાસે પૈસા હોય તો અમારે અમારા કુંટુંબના સભ્યોને તે માંગે ત્યારે આપવા પડે છે. પણ પૈસા બેંકમાં હોય તો અમારી બચત સુરક્ષિત રહે છે.

આ સ્વાશ્રયી જૂથને ચલાવવા માટે જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ સમિતિના મંત્રી જરૂરી એન્ટ્રીઓ પાસબુકમાં કરી આપે છે. સ્વાશ્રયી જૂથના સભ્યો માને છે કે જો તેઓ ભણેલા હોત તો હજુ વધારે સારી રીતે વહીવટ ચલાવતા હોત. જોકે બહારના વ્યકિતઓને લાગે છે કે આ સ્વાશ્રયી જૂથ તેના નિરક્ષર મેનેજરોથી વધારે સારી રીતે ચાલે છે.

### જામ રોજીવાડાઃ સ્વ–પ્રેરિત સ્વાશ્રયી જૂથની ચળવળનુઉદાહરણ

સાવા ભાણવડ તાલુકાના રોજીવાડામા સાત વર્ષથી વિકાસકાર્ય કરે છે. સંસ્થાએ ગામમા સ્થાનિક સ્તરે વિકાસ કાર્યોકરવા માટે કેશુ નામના યુવાનની ભરતી કરી. સાવાએ વિકાસ કાર્યોની તેની દ્રષ્ટિ વિશાળ કરવા માટે તેને વિવિધ તાલીમો આપી. આ તાલીમોમા કેશુભાઈએ સ્વાશ્રયી જૂથો દ્વારા લોકોમા બચત–ધિરાણની સુટેવ ઉભી કરી તેનો લાભ લોકોને મળે તે વિચાર ખૂબ મજબૂત રીતે ગ્રહણ કર્યો. તેમણે રોજીવાડા ગામની બહેનોને આગ્રહપૂર્વક તેમનું પ્રથમમહિલા મંડળ "શ્રી ચામંડા મહિલા મંડળ" સ્થાપવા માટે તૈયાર કર્યા. તેમના પ્રયત્નોથી રામીબહેન અને અન્ય ૧૦ બહેનોએ આ મંડળની સ્થાપના કરી. સાવાએ આ જૂથને તાલીમ આપી અને ધિરાણ અંગેના ટેકા ઊભા કરવા માટેમદદ કરી. બેંક ઓફ બરોડાની ભાણવડ શાખાના મેનેજરે જૂથની ટૂંકી મુલાકાત લઈને તેને રૂા. ૨૦,૦૦૦ની પહેલી લોન આપી. આ રકમને મહિને ૨% ના વ્યાજે જુથમાં ફેરવીને બેંકને પાછી આપવામાં આવી. બેંકનો જુથમા વિશ્વાસ વધ્યો અને તેના સભ્યોને રૂા.૫૦,૦૦૦ ની બી લોન આપવામાં આવી. કેશુભાઈએ સ્વાશ્રયી જુથની સ્થાપના અને તેના ારા સમુદાયોના ક્ષમતાવર્ધનના ખ્યાલને ગામની બહેનોના મનમાં રોપ્યો.
પણ કમનસીબે તેના પરીણામ જોવા તે વિત રહયા નહી. ત્યારબાદ ચામુંડા મહિલા મંડળના મંત્રી રામીબહેને આ વિચારને આત્મસાત કર્યો અને અન્ય બહેનોને પોતાના સ્વાશ્રયી જુથો સ્થાપવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે ગામના ફળિયે ફળિયે પહોંચીને બહેનોને સ્વાશ્રયી જુથો ભા કરવાની પ્રેરણા આપી. તેમણે બહેનોને સ્વાશ્રયી જુથોના ફાયદા બતાવ્યા. રામીબહેનના નિરંતર પ્રયાસોથી આજે રોવાડા ગામમાં બહેનોના ૧૧ અને ભાઈઓના ૯ સ્વાશ્રયી જુથો કાર્યરત છે.

રોવાડાના આ સ્વાશ્રયી જુથોની વહીવટની પધ્ધતિ આગવી છે. જુથ તેના સભ્યો પાસેથી શરૂઆતમાં ૨% વ્યાજ લે છે જે જૂથની નાણાકીય સધ્ધરતા વધ્યા પછી ઘટે છે. સ્વાશ્રયી જૂથો વિવિધ હેતુઓ માટે જુદા જુદા વ્યાજના દરથી લોન આપે છે. દા.ત. શિક્ષણ માટેની લોનના વ્યાજનો દર ટ્રેકટર ખરીદવાની લોનના વ્યાજના દર કરતા ઓછો હોય છે. આ સ્વાશ્રયી જૂથો સ્થાનિક રોજગારી ભી કરવા માટે આવિકા વિકાસ માટે ધિરાણ પણ આપે છે.





વિષય : આવિકા સર્જન
જામનગર અને પોરબંદર જિલ્લાની ૮૦% કરતા વધારે વસ્તી તેમની રોજગારી ખેતી અને પશુપાલનમાંથી મેળવે છે. અપુરતા વરસાદ અને જમીન પર પાણીનો સંગ્રહ કરી શકે તેવા સ્ત્રોતોની અછતના કારણે આ વ્યવસાયો પાણીની કાયમી અછત ભોગવે છે. ચોમાસું નિષ્ફળ જાય તો આ વ્યવસાયો પર આધારિત લોકો પર પોતાની રોજગારીઅને તમામ આવક ગુમાવવાનું જોખમ આવી પડે છે. આથી સ્થાનિક લોકોની અસુરક્ષિત આર્થક સ્થિતિને ધ્યાનમાંરાખીને સાવાએ આવિકા નિમાર્ણના વિષય પર કામ કરવાની શરૂઆત કરી. આ વિષય પર ઘડવામાં આવેલ કાર્યક્રમો ખેતી અને બિનખેતી ક્ષેત્રમા વૃિઅને રોજગારીના સ્ત્રોતને કેન્માં રાખીને ઘડવામાં આવ્યા.



પ્રયાસો
૧. જંગલની પેદાશોનું બહેનો ારા સામહક વેચાણ
આ નાના પ્રયાસને નવતર પ્રવૃતિ તરીકે ભાણવડ તાલુકાના ધુમલી ગામમાં અમલમા લાવવામા આવ્યો. આ અંતર્ગત ગામ પાસેના બરડા ડુંગરમાંથી જંગલની પેદાશોને એકત્રિત કરી તેને નકના બજારમાં વેચવા માટે બહેનોને
સંગઠીત કરવામાં આવી. બહેનોનું જૂથ તૈયાર કરવામાં આવ્યુ અને તેને તાલીમ આપવામાં આવી. પણ જંગલખાતાના અતિ કડક કાયદાના લીધે પ્રયાસ આગળ વધી શકયો નહિ. આ જૂથ જો કે આજે પણ તેના સભ્યો સાથે બચત ધિરાણ અને આવિકા સર્જનની પ્રવૃતિઓ કરી રહયું છે.

૨. સવ ખેતી
ઈ.સ. ૨૦૦1 થી ૨૦૦૪ વચ્ચે સાવાએ ખેડતોની આવક વધારવા અને પાણી અને જમીન જેવા કુદરતી સ્ત્રોતોના
પુનઃસ્થાપન માટે સવ મગફળીના વાવેતર અને પ્રોસેસીંગની પ્રવૃતિ કરી. આ પ્રયોગની શરૂઆત કલ્યાણપુર તાલુકાના જોધપુર ગામના નાના ખેડુતોની સાથે કરવામાં આવી. આ કાર્યક્રમનું ધ્યેય દાણા માટેની મગફળીના ઉત્પાદન અને નિકાસ ારા ખેડુતો માટે "મહમ ભાવ" મેળવવાનું હતું. "અપિડા" (કૃષિ ઉત્પાદન નિકાસ વિકાસ એજન્સી)ની સાથે રહીને નિકાસલક્ષી ઉત્પાદન કરવા અંગે ખેડુતોની સમજ વધારવા માટે કૃષિ યુર્નિવર્સીટી, જુનાગઢનો પ્રરણા પ્રવાસ અને "મગફળીની સવ ખેતીમાં આફલાટોકિસનનું નિયંત્રણ" વિષય પર કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. આ માટે આઈ.એમ.ઓ. નામની આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર આપતી એજન્સીને પાક અને જમીનનું સવ ખેતીનું પ્રમાણપત્ર આપવા માટે ત્રણ વર્ષ સુધી રોકવામાં આવી. વિવિધ સ્તરે પ્રયત્નો કરવા છતાં મગફળીમાં આફલાટોકિસનનું પ્રમાણ ઘટાડી શકાયુ નહી. આથી નિકાસ અંગેના પ્રયત્નો બંધ કરવામાં આવ્યા. આમગફળીને સ્થાનિક બજારમાં વેચવા અંગેના પ્રયત્નો કરવામાં આવ્યા પણ તેનું કોઈ ખાસ વળતર ન મળતા આ પ્રવૃતિ બંધ કરવામાં આવી. આમ છતા આ પ્રવૃતિએ સાવાને ધંધાકીય પ્રવૃતિ કરવાનો પ્રાથમિક અનુભવ પુરો પાડયો. ખેડુતોને પણ હાથથી ચુંટેલી મગફળીની સવ ખેતીનો અને તેના વેચાણનો અનુભવ મળ્યો.

૩. લીફટ ઈરીગેશન
દરિયાકાંઠાના ગામોમાં ખારાશના પ્રશ્નો માટે સાવાએ અમદાવાદ સ્થિત કોસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ (સી.એસ.પી.સી.) સાથે કામ કરવાની શરૂઆત કરી. આવો એક સંયુકત પ્રયાસ કલ્યાણપુર તાલુકાની મેઢાક્રીકના બંધારાપર 'લીફટ ઈરીગેશન'ની વ્યવસ્થા ભી કરવાનો હતો. સાવાને આ અંગે સહકારી મંડળી ભી કરવાની અને સિંચાઈ અંગેની માળખાકીય વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી સોંપવામાં આવી. હાલ આ પ્રોજેકટ તેના અમલીકરણના અંતિમ તબકકામાં છે. સિંચાઈ માટેનું ભૌતિક માળખું તૈયાર છે અને સિંચાઈ વિભાગની મંજુરી મળ્યા પછી ખેડુતોને સિંચાઈનું પાણી મળતું થશે.

૪. ગ્રામીણ ઉમિતા વિકાસ
ભારતીય ઉમિતા વિકાસ સંસ્થા (ભમયય) એ સાવાની પસંદગી જામનગર જિલ્લામાં ગ્રામીણ ઉમિતા વિકાસ કાર્યક્રમના અમલ માટે ભાગીદાર સંસ્થા તરીકે કરી. સાવાએ સ્થાનિક યુવાનોમાં ઉમીપણાના વિકાસ અને ગ્રામીણ વિસ્તારોમાં સ્વરોજગારી વધે તે માટે આ જવાબદારી સ્વીકારી. આ કાર્યક્રમના અમલ માટે સાવાના મુખ્ય તાલીમકારને ભમય તરફથી તાલીમ આપવામાં આવી. સાવાએ બે વર્ષના સમયમાં છ કાર્યક્રમો ારા ચુંટેલા ૧૫૦ યુવાનોને તાલીમ આપીને તૈયાર કર્યા. દરેક તાલીમના અંતે તાલીમાર્થીઓ તેણે પસંદ કરેલ ધંધાકીય વિચારનો પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવાનો હતો. આ પ્રોજેકટ રીપોર્ટને નાણાંકીય સહયોગ મળે તે માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ – ગુજરાત રાજય, જિલ્લા ઉઘોગ કેન, સ્થાનિક બેંકોમાં મુકવામાં આવ્યા. સંસ્થાને આ કાર્યક્રમ અંતર્ગત નવા ઊગો ભા કરવા અને જુના ઉમીઓને તાલીમ આપીને તૈયાર કરવામાં ૬૫ % જેટલી સિમિળી.

૫. મહિલા આજીવિકા પુનઃસ્થાપન કાર્યક્રમ
આ ભુકંપ અસરગ્રસ્ત વિસ્તારો માટેનો રાજય સરકાર પ્રેરિત કાર્યક્રમ હતો. આ કાર્યક્રમનો હેતુ ભુકંપ પીડીત મહિલાઓને નાણાંકીય અને ભૌતિક સહાય પુરી પાડવાનો હતો. સાવાએ આ કાર્યક્રમ અંતર્ગત ૫૭ મહિલાઓની પસંદગી કરી. તેમના વચ્ચે રૂા.૧,૩૨,૦૦૦ નું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમના લાભાર્થીઓને પોતાના ઉમો ચાલું કરવાની તાલીમ ગ્રામીણ ઉદ્યમિતા વિકાસ કાર્યક્રમ મારફતે આપવામાં આવી. આ મહિલાઓને લોન પેટે સિવણના સંચા, શાકભાની લારી,એમ્બ્રોડરીના મશીન, કટલેરીની વસ્તુઓ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું. સ્વાશ્રયી જૂથોને તેમના સભ્યો પાસેથી લોનની રકમ વસુલ કરવાની જવાબદારી સોપવામાં આવી. આ વસુલાતનો દર અત્યાર સુધી ૯૪% નો રહયો છે.

લાભુબેન : સાવાના ગ્રામીણ ઉદ્યમિતા વિકાસ કાર્યક્રમથી સમૃધ્ધિ પામેલ ઉદ્યમી
લાભુબેન જામનગર જિલ્લાના ભાણવડ તાલુકાના રોવાડા ગામના ગ્રામીણ ઉદ્યમી છે. સાવાના ગ્રામીણ ઉદ્યમિતા
વિકાસ કાર્યક્રમ (ચભમ.)માં જોડાતા પહેલા લાભુબેન ગૃહિણી હતા. તેમને ઉદ્યોગ સાહસિકતાની તાલીમમાં જોડાવા માટે સાવાના તાલુકા સંયોજક દેવાણંદભાઈએ પ્રોત્સાહન આપ્યું. તેઓ શરૂઆતમાં અવઢવમાં હતા કારણ કે તેમના પર બે દિકરીઓની સાથે ઘરકામની જવાબદારી હતી. આ અંગે દેવાણંદભાઈએ તેમના પતિ અને સાસુ સાથે ચર્ચા કરી. તેમના સાસુએ ઘરકામની જવાબદારી સ્વીકારતા લાભુબેન આ કાર્યક્રમમાં જોડાઈ શકયા. કાર્યક્રમના સમયની અનુકળતાએ પણ તેમને કાર્યક્રમમાં જોડાયેલા રહેવામાં મદદ કરી.

તાલીમમાંથી લાભુબહેનને પોતાનો ધંધો ચાલુ કરવા માટે જરૂરી તમામ કૌશલ્ય અને જ્ઞાન મળ્યું. તેમનામાં ઉદ્યમિતાઅને ધંધાકીય રજુઆતના કૌશલ્યનો વિકાસ થયો. તાલીમ દરમ્યાન તેમણે નકના પ્લાસ્ટીક યુનિટની મુલાકાત પણ લીધી.

તાલીમના અંતે તેમણે પોતાના ઘરમાં નાના પાયે ચાલતી દુકાનને મોટી કરવા માટેનું ધંધાકીય આયોજન તૈયાર કર્યુ.
તાલીમમા ધંધાકીય યોજના તૈયાર કર્યા પછી લાભુબેન બેંક ઓફ બરોડાની સ્થાનક શાખા પર પોતાના પતિ સાથે ગયા. સાવાએ આ મિટીંગ ગોઠવવા માટે મદદ કરી. લાભુબેને પોતાનું તાલીમનું પ્રમાણપત્ર ગૌરવપુર્વક બેંક મેનેજર સમક્ષ રજુ કર્યુ અને તેમની નાની દુકાનને વિસ્તારવા માટે લોન આપવા વિનંતી કરી. બેંકના મેનેજરે તેમની દુકાન અને ઘરની મુલાકાત લઈને રૂા. ૨૫,૦૦૦ની લોન આપી. લાભુબેન માટે આ સફળતાનો દિવસ હતો. લાભુબેન અને તેમના પતિએ લોનની રકમનો ઉપયોગ તેમની નાની દુકાનને ફરીથી બાંધવા માટે કર્યો. તેમણે દુકાનમાં નવું ફર્નિચર વસાવ્યું અને ફ્રિજ પણ લીધું. તેમણે નવા સામાનની ખરીદી કરી જેમાં ફ્રિઝમાં રાખી શકાય તેવી ઠંડા પીણાની બોટલોનો સમાવેશ પણ થતો હતો.

આ રોકાણથી લાભુબેનના ધંધામાં વધારો થયો અને તેઓ લોનની રકમ વ્યાજ સહીત બેકમાં ભરી શકયા લાભુબેન હવે પોતાની દુકાન જાતે ચલાવે છે. તેઓ સ્ટોક સંભાળવો, હિસાબ રાખવો વગેરે કામો કરે છે. તેઓ કહે છે કે, " સાવાએ મને મારા ઘરે કમાણી કરવા માટેની તક આપી. આ સિવાય બહાર જઈને કામ કરવાનું અને કમાણી કરીનેપગભર થવાનું મારા માટે અઘરું થયુ હોત" ગૌરવવંતા લાભુબેન હાલ પ્રતિદન રૂા. ૨૦૦ની આવક મેળવે છે. તેઓ લોન લીધી તે પહેલા પ્રતિદન ૧૦૦ રૂા. કમાતા હતા. અત્યારે તેમની દૈનક કુલ આવક રૂા. ૨૫૦ છે. તેઓ માને છે કે આ બધું સાવાએ તેમનામાં ભી કરેલી ઉમ સાહસિકતાથી શકય બન્યુ છે.





## સાવા પ્રકાશત સાહિત્ય/દસ્તાવેજો/ફિલ્મો

અહેવાલ :
જામનગર જિલ્લાના ૩ તાલુકાના ૨૦૨ ગામોની સામાજિક આર્થક મો જણી
જામનગર જિલ્લાના બરડા ડુંગરના ૩૦ નેશની વસ્તી આધારિત માહિતનું એકત્રીકરણ
જામનગર જિલ્લાના ૧૨ ગામોનું આફત સામે પુર્વતૈયારીનું આયોજન
બે ગામોના ગ્રામ સ્તરીય 'એકશન પ્લાન'.

ફિલ્મો (વિડિયો / સીડી):
ફરીથી વિકાસના પંથે – ભુકંપ પ્રભાવિત ગામોમાં સંકલિત પુનર્વસન કાર્યક્રમ
હોલ્ડિંગ હેન્ડસ – સાવાની પ્રવૃતિઓનું દસ્તાવેકરણ
પ્રયાસ – આફત સામે પુર્વતૈયારીના કાર્યક્રમોનું દસ્તાવેકરણ
સમજ સાવાની – સાવાની ગ્રામવિકાસની પ્રવૃઓિનું દસ્તાવેકરણ

સાહિત્ય (મુતિ):
જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમના વહીવટ માટેની માર્ગદર્શિકા
જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમના તાંત્રીક કામો માટેની માર્ગદર્શિકા

જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમના હિસાબો અને રેકોર્ડ જાળવવા મ ાટેની માર્ગદર્શિકા
જળસ્ત્રાવ સમિતિના પ્રમુખ અને મંત્રી માટેની માર્ગદર્શિકા
સ્વાશ્રયી જૂથ માટે રોકડમેળ, ખાતાવહી, ઠરાવ બુક અને પાસ બુક
સંસ્થાકીય વિકાસ
મુા આધારત આયોજન
સ્વાશ્રયી જૂથો ભા કરવા અને તેને મજબુત કરવા માટેની માર્ગદર્શિકા

કેસ સ્ટડીઝ :
ખેત તલાવડીઓ
ખેતરના કાઢીયા
ચેક ડેમ

સેમિનાર, કાર્યશાળાઓ, તાલીમો વગેરે:
સ્વાશ્રયી જૂથો, એસ..એસ.વાય. જુથ તૈયાર કરવા માટે ગ્રામ સેવકોની તાલીમ
સ્વાશ્રયી જૂથોના વિકાસ માટે સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરોની તાલીમ
પાણી અને સ્વચ્છતા કાર્યક્રમ અંતર્ગત સામાક કાર્યકરોની તાલીમ
વર્તન, વલણની તાલીમ
જેન્ડરની તાલીમ
માનસક તાણના નિયંત્રણની તાલીમ

સંશોધન અભ્યાસો :
જામનગર જિલ્લાના ગામોની ગૌચર જમીનની હાલની સ્થિતિ અને વિક ાસની શકયતા
કલ્યાણપુર તાલુકાના ગામોમાં ખેત તલાવડીની પ્રવૃતિઓની ખેતી પર અસર
ગામોમાં પાણી સંગ્રહની પ્રવૃતિઓની ભુગર્ભ જળ પર અસર
ઈ.આર.આર. કાર્યક્રમમાં લોકભાગીદારોનો અભ્યાસ





A summary of theme wise expenditures from 2001 to 2008

| No. | Theme wise Programs | 2000-2001 | 2001-2002 | 2002-2003 | 2003-2004 | 2004-2005 | 2005-2006 | 2006-2007 | 2007-2008 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Natural Resource Development | | | | | | | | |
| | Management of Enviornmental Resources through Communities (MERC) | 1132525 | 1623510 | 1698016 | | 413215 | | | |
| | Strengthning Organizations through NRM activities (IGSSS) | 73093 | 56361 | 264138 | 276523 | 64728 | 700 | 700 | |
| | Watershed Development (DRDA) | 325539 | 436677 | 1317228 | 719931 | 700220 | 294457 | 14040 | 22398 |
| | Water Conservation (CAPART) | 22424 | 50363 | 5585 | 15105 | 2000 | | | 79 |
| | National Environmental Awareness Campaign (MoEF) | | 4020 | | | 5000 | 7000 | 8008 | 14002 |
| | Research Project on Common Land (AKF) | | 23660 | | | | | | |
| | Construction of Farm Ponds (CSPC) | | | | | | 1183 | 615601 | 205496 |
| | Study on Salinity (CSPC) | | | | | | 9225 | | |
| | Survey on Drinking Water Resources (CSPC) | | | | | | | | 29048 |
| | Sub total | 1553581 | 2194591 | 3284967 | 1011559 | 1185163 | 312565 | 638349 | 271023 |
| | % | 45 | 35 | 46 | 33 | 40 | 11 | 11 | 6 |
| 2 | Livelihood Promotion | | | | | | | | |
| | Collection and Marketing of forest products through women (DSC) | 16031 | 835 | | | | | | |
| | Women Livelihood Restoration Program (ADB) | | | 113640 | 24456 | 771 | | | |
| | Rural Entrepreneurship Development Program (EDI) | | | 85022 | 35014 | 127713 | | | |
| | Organic Farming (AKF) | 303895 | 1351050 | 33842 | 12314 | 26580 | 53 | | |
| | Enhanced Water Resources Management - LI (CSPC) | | | | | | | | 104599 |
| | Sub total | 319926 | 1351885 | 232504 | 71784 | 155064 | 53 | 0 | 104599 |
| | % | 9.3 | 21.6 | 3.3 | 2.3 | 5.3 | 0.0 | 0.0 | 2.3 |
| 3 | Disaster Risk Reduction | | | | | | | | |
| | Low Cost Housing (Dist. Panchayat) | 1564871 | 1010789 | 49453 | | 120610 | | | |
| | Disaster Mitigation and Preparedness (Concern) | | 265263 | 955843 | 1584349 | 37357 | | | |
| | Draught Proofing activity in EQ affected areas (UNDP) | | 2259 | 2162545 | | | | | |
| | Drought Proofing (VIRDA) | | | 741 | 91243 | | | | |
| | Community Based Rehabilitation (GoG) | | | | | 269909 | 511528 | 240887 | 259 |
| | Drinking Water & Sanitation (WASMO) | | | | | 638291 | 1995972 | 4711103 | 3930080 |
| | Rehabilitation andDevelopment Activities (HIVOS) | | 1338842 | | | | | | |
| | Mason's Training | | 38172 | | | | | | |
| | Study on EQ damage | | 1029 | | | | | | |
| | Restoration of Drinking Water Facilities (AFPRO) | | 26650 | | | | | | |
| | Reproductive Child Health (GoG) | | | | | | 4375 | | |
| | Disaster Preperdness & Response (DPRG) | | | | | | | 23085 | 98333 |
| | Rainfall Insurance | | | | | | | | 5732 |
| | Building Community Resilience to Disaster Risks (Oxfam) | | | | | | | | 169427 |
| | Sub total | 1564871 | 2683004 | 3168582 | 1675592 | 1066167 | 2511875 | 4975075 | 4203831 |
| | % | 45 | 43 | 45 | 54 | 36 | 87 | 88 | 92 |

| No. | Themewise Programs | 2000-2001 | 2001-2002 | 2002-2003 | 2003-2004 | 2004-2005 | 2005-2006 | 2006-2007 | 2007-2008 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | Local Leadership Devlopment | | | | | | | | |
| | SHG formation & Bank linkage | | | | | | | | |
| | (NABARD) | 14960 | 41292 | 2352 | 17209 | 663 | | | |
| | Capacity Building support - | | | | | | | | |
| | JIVAN (Concern) | | | 122781 | 18056 | | | | |
| | Research on Poverty (CFDA) | | | 9000 | 1000 | | | | |
| | Computers for Schools (India Council) | | | 145290 | 4710 | | | | |
| | District Training Centre (SIRD) | | | | | 418025 | 72606 | | |
| | Watershed Plus (SRTT) | | | | | 23806 | 774 | 13609 | |
| | Sakhi Mandal (GoG) | | | | | | | | 13692 |
| | Consolidation and Stabilization | | | | | | | | |
| | of Peoples Initiatives for | | | | | | | | |
| | Enhanced Resources (SRTT) | | | 106502 | 304931 | 79367 | | | |
| | Sub total | 14960 | 41292 | 385925 | 345906 | 521861 | 73380 | 13609 | 13692 |
| | % | 0.4 | 0.7 | 5.5 | 11.1 | 17.8 | 2.5 | 0.2 | 0.3 |
| | Total | 3453338 | 6270772 | 7071978 | 3104841 | 2928255 | 2897873 | 5627033 | 4593145 |




1 Natural Resource Development

2 Livelihood Promotion

3 Disaster Risk  Reduction

4 Loca Leadership Development



## ગ્રામ વિકાસ પારીતોષિક ૨૦૦૩

"સાવાની એક સ્વૈચ્છિક સંસ્થા તરીકે આ સન્માનનિય પારીતોષિક
માટે પસંદગી કરવામાં આવી. આ પારીતોષિકની શરૂઆત ૨૦૦
૨માં 'ડેવલેપમેંટ સપોર્ટ સેન્ટર' કુદરતી સંસાધનોના વ્યવસ્થાપનન
ા ક્ષેત્રમાં મહત્વપુર્ણ પ્રદાન માટે કરી. આ અંતર્ગત તા. ૨૧/૦૨/૨૦
૦૪ ના રોજ સાવાની ટીમને ભારતના અમેરીકા ખાતેના પુર્વ રાજ
દુત ડો.આબિદ હુસૈન તરફથી  ટ્રોફી અને રૂ. ૫૦,૦૦૦નો  રોકડ
પુરસ્કાર આપીને નવાજવામાં આવી."

sAva
Saurashtra Voluntary Actions

Saurashtra Voluntary Actions
A/2 Parivaar Apartments, Air Force II Road, Jamnagar 361 004, Phone: 0288 2712793,
E mail: savaahm@gmail.com,  savajam@sancharnet.in
Regd.Trust No. E/10548/Ah'd 14th July 1995